Chap-1

પ્રકરણ - ૧

ઊર્મિકવિતા

વિકાસ પામતી વિવિધ કલાઓના અભ્યાસ પરથી જણાશે કે આ સર્વ કલાઓમાં નૃત્ય, સંગીત અને કાવ્ય ત્રણ મુખ્ય કલાઓ તરીકે અતિ પ્રાચીન છે. આ ત્રણેય કલાઓ આજ પર્યંત પરસ્પર પૂરક, પ્રેરક અને પોષક બનતી આવી છે.

૧. ''ઊર્મિકવિતાની ચર્ચા નિમિત્તે ચંદ્રશંકર યથાર્થ કહે છે કે 'નૃત્ય, સંગીત અને કાવ્ય એ ત્રણ સર્વ કલાઓમાં પ્રથમ જન્મ પામી હોવાનો અભિપ્રાય છે, એટલું જ નહીં પણ આ ત્રણેય કલાઓ પરસ્પર અવલંબન રાખીને જીવી શકે છે એ તો કેટલેક અંશે વર્તમાનયુગમાં પણ દેખાય છે. આમ છતાં તેના ઉદ્ભવકાળમાં તો આ ત્રણેય કલાઓ આત્મીય સંબંધે જીવતી હતી.'' આમ તો મનુષ્યો માટે કવિતા પોતે જ એક આશ્ચર્ય છે એથી જ આ કવિતા મનુષ્યને સૌપ્રથમ ક્યારે પ્રાપ્ત થઈ હશે એ પણ એટલા જ કુતૂહલનો વિષય છે. કહેવાનું મન એટલા માટે થાય કે જ્યારે મનુષ્યને શબ્દો અને આજના જેવા અર્થો સાંપડયા નહીં હોય ત્યારેય તેણે જ્યારે હૃદયને અસર કરી જનારી કોઈ એવી અનુભૂતિ અનુભવી હશે ત્યારે કાવ્યાંકુરો સ્ફુર્યા હશે શબ્દદેહ તો તેને પછીથી કાળક્રમે મળ્યો હશે.

૨. ''કુદરતને ખોળે ઉછરતા આદિમાનવે હજી જ્યારે વાણીપણ સિધ્ધ નહીં કરી હોય અને કેવળ ઉદ્‌ગારો કે ધ્વનિથી જ પોતાનો વ્યવહાર ચલાવ્યો હશે ત્યારે તેણે અગ્નિ, વર્ષા, મેઘધનુષ, ઉષા, સંધ્યાના નિત્ય પલટાતા વિવિધ રંગો ઈત્યાદિની સૌંદર્યલીલા આશ્ચર્ય નિહાળીને વિસ્મયપૂર્વક જે આનંદોદ્‌ગાર કાઢયા હશે, અથવા ભય કે ત્રાસના પ્રસંગે જે ચીસો નાખી હશે, કોઈ ઘટનાથી દિગ્મૂઢ બની ગયો હશે કોઈ વીરતાના પ્રસંગે ઉત્સાહથી ગર્જના કરી ઉઠયો હશે મૃત્યુના દૃશ્યથી અવાક્ બની ગયો હશે કે-

kalpana's

કલ્પાંત કરી ઉઠયો હશે ત્યારે કવિતાના પ્રથમ અશબ્દ ધ્વનિ ઉઠયા હશે..... માનવે સિધ્ધ કરેલી વાણીની પરમ શક્તિનું પરમોચ્ચ સ્વરૂપ કાળક્રમે તેણે કવિતામાં સિધ્ધ કર્યું હશે'' કવિતાને અભિવ્યક્તિ માટે શબ્દો સાંપડયા નહોતા ત્યારે પહેલાંથી આજે પણ કવિતાને અનુભૂતિ સાથે અતૂટ સંબંધ રહયો છે. અનુભૂતિ વિના કાવ્ય શકય નથી સમયના વ્હેણની સાથે માનવમન અને સંબંધના રંગરૂપ બદલાતાં ગયાં તેમ તેમ અનુભૂતિની તાસીર પણ બદલાતી રહી અને આમ બદલાતી પરિસ્થિતિ સાથે, અને માનવજીવનના પરિપ્રેક્ષ્યમાં કવિતાની બદલાતી ગતિવિધિ સાથે વિવિધ કાવ્યસ્વરૂપો પણ વિકસ્યાં અને તેની ક્ષિતિજો પણ સતત વિસ્તરતી રહી. કવિતાનો પરિવાર જાણે કે પ્રકાર વૈવિધ્યથી ભર્યો ભર્યો બની ગયો.

કાવ્યસાહિત્યના વિકસેલા અને વિકસતા જતા વિવિધ પ્રકારોનો ઉદ્‌ભવ તપાસતાં એટલું નિશ્ચિતપણે કહી શકાય એમ છે કે ઊર્મિકાવ્ય Lyric વીરકાવ્ય, મહાકાવ્ય Epic અને નાટક Drama મુખ્ય ત્રણ પ્રાચીન કાવ્યસ્વરૂપો છે.

૩. ''શું ભારતમાં કે શું ગ્રીસમાં પ્રાચીન કાવ્યવૃક્ષ ત્રણ શાખાઓમાં વિકસેલું દેખાય છે. ઊર્મિકાવ્ય Lyric , વીરકાવ્ય Epic અને નાટક Drama '' જગતમાં આ ત્રણ અતિપ્રાચીન કાવ્યસ્વરૂપોમાં કોનો ઉદ્‌ભવ પ્રથમ થયો હશે ? એ વિશે ખૂબ અભિપ્રાય મળે એમ છે. 'ઇલિયડ' અને 'ઓડેસી' જેવાં ગ્રીસમાં હોમરનાં મહાકાવ્યો ઐતિહાસિક દૃષ્ટિએ પ્રથમ ગણાય એવું લાગે અને આપણા સાહિત્યમાં પણ પરદેશી પ્રભાવને કારણે ઊર્મિકવિતા અર્વાચીનયુગની કવિતા હોવાનો ભ્રમ થાય પણ એની સ્પષ્ટતા રા. વિ. પાઠક આપે છે કે -

Kalpana's

૪.''ઊર્મિકાવ્યો કે સંગીતકાવ્યો એ અંગ્રેજી Lyric નું ભાષાંતર હોવાથી એમ પ્રથમ દર્શને લાગે કે આ કાવ્યો અર્વાચીનયુગમાં જ શરૂ થયાં અને એવો ભ્રમ ઘણો વખત જુદા જુદા સ્વરૂપમાં ચાલ્યો પણ ખરો. પારકા દેશના ઈતિહાસમાંથી હર કોઈ એક જગ્યાએથી શબ્દ પકડી લઈ. આપણામાં મૂકી દેવાથી આવા ભ્રમો થાય છે પણ આપણા કાવ્યોમાં ઊર્મિકાવ્યો હતાં. સંસ્કૃતની વાત જવા દઈએ તો ગુજરાતીમાં પણ હતાં'' રા. વિ. પાઠકની આ સ્પષ્ટતા શ્રધ્ધેય ઠરે છે, ઋગ્વેદનાં સંદર્ભે પ્રાચીનતમ ઋગ્વેદની પ્રકૃતિના વિસ્મયજન્ય ઉદ્‌ગારરૂપે ગવાયેલી ઋચાઓમાં ઊર્મિકાવ્યનું સ્વરૂપ ભાળી એમ. વિન્ટરનીત્ઝ લખે છે

૫."Lyric is the oldest Indian poetical composition known to us. The hymns to the gods and the sacrificial and magical songs of the veda are the oldest of the extant Indian poetical composition.........
The ushas'-hymns and the love-spell ballads sometimes reminds us of the laters Lyric...

આવી વી.એસ. સુક્તંકરનો અભિપ્રાય પણ આજ વિષય પર પ્રકાશ પાડે છે કે...

૬...Nothing can be surpass the beauty of the hymns addressed to the goddess ushas and as Macdonell remarks, this deity is the most graceful creation of vedic poetry, there being no more charming figure in the descriptive religious lyrics of any other literature."

આ ઉપરથી એટલું તારવી શકાય કે ઊર્મિકાવ્યો કે લોકગીતો ઉપલબ્ધ નહીં, હોવાને કારણે, મહાકાવ્ય ઐતિહાસિક દૃષ્ટિએ પહેલાં કે પ્રથમ લાગે પરંતુ અનુભૂતિની લગોલગનો ઉદ્‌ગાર લઈ આવનારી ઊર્મિકવિતાનો ઉદ્‌ભવ અન્ય સ્વરૂપોની કવિતાના વિકાસ કરતાં મોખરે અને સર્વપ્રથમ

kalpana's

હોય એ સ્વાભાવિક ક્રમ છે અને એથીજ ચંદ્રશંકર ભટ્ટ યથાર્થ કહે છે કે

૭. "માનવ-ઊર્મિના સંવેદનાનાં ઉદ્ગારરૂપ ઊર્મિકવિતા એ કવિતાની ગંગોત્રી સર્વ પ્રથમ ભૂમિકા હોય તે સ્વીકારવું મુશ્કેલ નથી." ઊર્મિનો ઉદ્ગાર થઈ આદિ કવિતા પ્રગટી. પછી રા. વિ.પાઠક કહે છે તેમ

૮."....અનંત પાસાંવાળા જીવનનાં અનેક પાસાં કાવ્યો વિષય થઈ શકે તે લક્ષમાં આવ્યું અને એ રીતે કાવ્યપ્રદેશ વિસ્તર્યો" પણ માણસે તીવ્ર અનુભૂતિને જે ઉદ્ગાર આપ્યા તે જ ઊર્મિકવિતાનો પ્રારંભ ગણી શકાય ?"

૯."માણસ પોતાના કે બીજાના સંવેદનને અકૃત્રિમને સહજ રીતે ભાષાવેગની તીવ્રતામાંથી જ નીપજેલાં કોઈ રાગ, ઢાળ કે લયમાં, વાણીમાં ઉદ્ગાર્તો થયો તે ક્ષણ તે લિરકની જન્મક્ષણ"

ગેયતાને કવિતા સાથે ઘણો જૂનો સંબંધ છે. વિદ્વાનોનો અભિપ્રાય એવો છે કે શરૂઆતથી ગવાતી કવિતા ઊર્મિના ઉદ્ગારરૂપે ગવાતી હોવાને કારણે જ કવિતાનો આરંભ ઊર્મિકવિતાથી થયો હશે એ સ્વાભાવિક ગણવું જોઈએ. ઊર્મિના ઉદ્ગારના પ્રાગટ્ય પરથી ખાતરી થાય છે કે કવિતા આત્મલક્ષી ઊર્મિનું ગાન બને તે વાતને આપણે નકારી શકીયે નહીં આ દૃષ્ટિએ આત્મલક્ષી ઊર્મિકવિતાના ઉદ્ભવ પછી જ કાળક્રમે તેનું પરલક્ષી સ્વરૂપ વિકસ્યું હશે.

૧૦."....ઊર્મિકવિતા એ પ્રધાનપણે કવિતાનું આત્મલક્ષી સ્વરૂપ છે." આમ ઊર્મિકવિતાના આત્મલક્ષી અને પરલક્ષી, એવા બે પ્રકારોમાં વહેંચાઈ તેની આત્મલક્ષીતા અને પરલક્ષીતા અંગે ૧૭મી અને ૧૮ મી સદીમાં ઘણા મતમતાંતરો ઊભા થયા. પણ અંતે આ ભેદ ઉત્તરોત્તર વિકસતો જ રહયો અને સર્વમાન્ય, સર્વસ્વીકૃત પણ થઈ ગયો.

આપણા સાહિત્યકારો અને વિવેચકો સ્પષ્ટપણે ઊર્મિના ઉદ્ગાર

kalpana's

અને ઊર્મિકવિતાની પ્રાચીનતાનો સ્વીકાર કરે છે ઋગ્વેદની ઋચાઓ ઉષાસૂક્તોથી જાણ્યે અજાણ્યે કવિતામાં ઊર્મિ અવિરત વહેતી આવી છે. આપણા લોકસાહિત્યમાં નરસિંહ, મીરાં, દયારામની કૃતિઓમાં ઊર્મિકવિતાનું સાતત્ય છે અને છતાં-

૧૧..... નવી ઢબની ઊર્મિકવિતાનો આરંભ અર્વાચીનયુગમાં તે પ્રકારની અંગ્રેજી કવિતાના અનુસરણથી થયો એ એક ઐતિહાસિક ઘટના છે.'' એમ એટલું સાચું છે: ગુજરાતી કવિતા અર્વાચીનયુગમાં અંગ્રેજી કવિતાના પગલે નવલે રૂપે પાંગરતી ગઈ. આપણી અર્વાચીન કવિતા, તેમાં ય ખાસ ઊર્મિકવિતામાં, શરૂઆતમાં અંગ્રેજી કવિતાનું અનુકરણ તરવરતું હતું. ઊર્મિ-કવિતાની આપણી વિભાવના અને સભાનતા પણ પાશ્ચાત્ય કવિતા અને વિવેચનાના પ્રભાવ સંદર્ભે વિકસતી રહી. ગ્રીક, લેટિન, ફ્રેન્ચ, ઇટાલિયન ભાષાની ઊર્મિકવિતાની સર્વમુખી અસર અંગ્રેજી કવિતા પર પડી પરંતુ ગુજરાતી ભાષાની ઊર્મિકવિતા પર અન્ય ભાષાઓની ઊર્મિકવિતાની સરખામણીમાં અંગ્રેજી ઊર્મિકવિતાની સૌથી ઊંડો અને સીધી અસર જોવા મળે છે, એ નિઃશંક.

ગુજરાતીમાં અને સંસ્કૃતમાં ઊર્મિકવિતાની વાત વિચારીએ ત્યારે, અને ગુજરાતી ઊર્મિકાવ્યો પર અંગ્રેજી ઊર્મિકાવ્યોની અસરને સ્વીકારીએ ત્યારે એ સ્પષ્ટતા જરૂરી લાગે છે કે તે પહેલાં આપણે ત્યાં ઊર્મિકાવ્યો ન હતાં એમ નથી. કારણ કે ઊર્મિતત્વનું પ્રાધાન્ય હોય તેવાં કાવ્યને ઊર્મિકાવ્ય ગણી શકાય તે વાતના સ્વીકાર સાથે જ જોઈશું તો ઋગ્વેદમાં ઊર્મિના અંકુર દેખાય છે. રામાયણ, મહાભારત અને ભાગવતમાં વર્ણવાયેલી રાગ અને કૃષ્ણભક્તિમાં ઠેકઠેકાણે ઊર્મિકવિતા જોવા મળશે. ભાગવતના મૂળમાં જ કૃષ્ણભક્તિ છે. ભવભૂતિ અને માઘની રચનાઓમાં અને કાલિદાસ રચિત 'મેઘદૂતમાં' પણ ઊર્મિના ઉભરાતા રંગો જોવા મળશે. કાલિદાસ તો પ્રધાનપણે શૃંગારનો સમર્થ કવિ છે. પ્રણયોર્મિને રુચિર અને ભાવપૂર્ણતાનો

અનુભવ કરાવે તે રીતે 'મેઘદૂત'નું કુમારસંભવમાં રતિવિલાપ, 'રઘુવંશમાં અજવિલાપ, 'શાકુંતલમાં તેમણે ગાઈ છે. ધર્મ અને ભક્તિ કવિતામાં જ્યારે સાથે આવે ત્યારે ભક્તિના ભાવસ્પંદનોનો ઊર્મિમય આવિષ્કાર થાય છે આ ઉપરાંત જગન્નાથ, મયૂર અને શંકરાચાર્ય, પુષ્પદંત જેવા અનેક કવિઓની કાવ્યરચનાઓ ઊર્મિની તૃપ્તિ કરાવનાર સ્તોત્રો પણ છે જયદેવનું 'ગીત ગોવિંદ' અત્યંત ઊર્મિમય સંવેદનાસભર કાવ્ય છે. આ કાવ્યની વિશેષતા એ છે કે ઊર્મિ સાથે મધુર, કોમળ કાંત પદાવલિ, લાલિત્ય, લયમાધુરી સંગીતતત્વ જેવાં અનેક પાસાંથી ઊર્મિનો આહ્લાદક અનુભવ કરાવે છે. સંસ્કૃત સાહિત્ય તો શૃંગાર, કરુણની ગૂંથણીથી ગૂંથાયેલું ઊર્મિસભર કાવ્યસાહિત્ય છે. ઊર્મિના અનુભવજન્ય નીરાળાં રૂપો જોવા પણ મળે છે. સંસ્કૃત પછી પ્રાકૃત અને અપભ્રંશમાં પણ એક કે બીજા રૂપે આ ઊર્મિ સતત વધતે ઓછે અંશે વહેતી રહી છે. એમાં વીર, શૃંગાર અને કરુણ પ્રધાનપણે રસાનુભવ કરાવતી વિવિધ સ્વરૂપની કૃતિઓ ઉપલબ્ધ છે. અર્વાચીન ગુજરાતી પહેલાં મધ્યકાલીન ગુજરાતીમાં પણ ઊર્મિકાવ્યો દુર્લભ નથી. 'વસંતવિલાસ' અને બીજાં 'ફાગુ' કાવ્યોમાં ઊર્મિ છે જ. ધર્મ અને તેમાંય મહદ્‌અંશે ભક્તિથી ભરપૂર મધ્યકાલીન સાહિત્યમાં સંવેદનાની અનુભૂતિ અને આવિષ્કાર છે. ત્યાં ઉત્તમ ઊર્મિનો અણસાર વર્તાયા વિના રહેતો નથી. નરસિંહ, મીરાંની પરમતત્વની અનુભૂતિનાં પદ, ભજન, પ્રભાતિયાંમાં ભક્તિના સહજોદ્‌ગાર, કલ્પનાનાં ઊંચા શિખરો સર થયેલા હોવાથી સર્વોચ્ચ ઊર્મિકવિતા મળી છે ગુજરાતી ભાષાના તે બે ચિરંજીવ કવિઓ છે. પ્રેમાનંદનાં વર્ણનોમાં અને રસાત્મક કલ્પનામયતા અને ઊર્મિકવિતાને ઉચિત લલિતકાવ્યપદાવલિ, મોહકલય અને સંગીતતત્વના માધુર્યના ગુણો ધરાવતી દયારામની ગરબીઓ પણ મોહક ઊર્મિકાવ્યો છે. તો લોકસાહિત્યમાં જીવતી આવતી ચારણી વીરરસની કવિતા, દુહા, છંદ, સોરઠા, ખાપણાં, ઉત્સવ, લગ્નગીતો, ગરબા, વિવિધ રીતરીવાજ

Laipana's

એ ગવાતાં ગીતો અને કાવ્ય સ્વરૂપોમાં વહેતી ઊર્મિનું અંતરઝરણું તો સતત વહે જ છે.

નર્મદથી આરંભાયેલી અર્વાચીન ગુજરાતી કવિતામાં વિષય, સ્વરૂપ, રચનારીતિ, ભાષા, કલ્પનાની ગતિવિધિ, છંદ, લય, પરત્વે આજ પર્યંત પાશ્ચાત્ય ઊર્મિકવિતાની વ્યાપક અને મૂલગામી અસર વર્તાયા કરી છે. 'કુસુમમાળા' દ્વારા અંગ્રેજી લિરિકને ગુજરાતીમાં લાવનાર નરસિંહરાવ ગુજરાતી ઊર્મિકાવ્યના એ રીતે જનક બન્યા. લિરિકની સતત બદલાતી વિભાવના અને સ્વરૂપલક્ષણને લીધે આપણે ત્યાં પણ સૉનેટ, ખંડકાવ્ય, સંબોધનકાવ્યો જેવાં અનેક કાવ્ય સ્વરૂપો વધુ સશક્ત બન્યા. અને તેમ કરતાં ગુજરાતી ઊર્મિકવિતાએ પોતાના આગવાં લક્ષણોની નીપજને આધારે સ્વકીયમુદ્રા ઉપસાવી. ગુજરાતી સાહિત્યમાં પાડેલા યુગોને સંદર્ભે આ પ્રયત્નોના પરિણામસ્વરૂપ અનેક કાવ્યસ્વરૂપોમાં અનેક પ્રવાહની ઊર્મિકવિતા પ્રાપ્ત થઈ છે. કલાત્મકતાનો આગ્રહ વધતાં શુધ્ધ કવિતા સિધ્ધ કરવાના પ્રયત્નો પણ થયાં છે. ગુજરાતી ઊર્મિકવિતા પણ ગીત, છંદોબધ્ધ, અને અછાન્દસ્ સુધી વિકસતી રહી છે. બ. ક. ઠા. ની હિમાયતના પ્રભાવે અને પાશ્ચાત્યના અભ્યાસથી, મધ્યકાળથી ગાન સાથે ચાલુ રહેલો ઊર્મિનો સંબંધ અછાન્દસ્માં અગેય તરફ વળ્યો તે મોટી ઘટના કહેવાય. પણ તેની જ અસર રૂપે ઊર્મિકવિતાના વિકાસની શક્યતાઓ વધી અને સમૃધ્ધિનો વિકાસ થયો. સંસ્કૃતના ઋગ્વેદથી પ્રાકૃત, અપભ્રંશ લોકસાહિત્ય અને મધ્યકાળ પછી આજ સતત વહેતી આવતી ઊર્મિકવિતાના પ્રવાહથી ખ્યાલ આવશે કે ગુજરાતીમાં પણ ઊર્મિકવિતા યુગો પહેલાં હતી તેથી એવું સ્પષ્ટ જણાય છે કે નર્મદથી શરૂ થતી નવી કવિતા અંગ્રેજી અને પાશ્ચાત્ય ઊર્મિકાવ્યની રૂઢી, દોરી અસર સાથે સતત આકાર લેતી રહી છે. મારે અર્વાચીન ગુજરાતી ઊર્મિકવિતાની આધારશીલા જાણે કે

Kalpana's

પાશ્ચાત્ય ઊર્મિકવિતા છે. ઊર્મિકવિતાના અભ્યાસ પરથી તેનો વિકાસ અને વૈવિધ્ય, સમૃધ્ધિનો ખ્યાલ મેળવી શકાય. ઊર્મિકવિતાની પરંપરા તપાસ્યા પછી પૌરસ્ત્ય અને પાશ્ચાત્યને ધ્યાનમાં રાખી ઉભય ઊર્મિકવિતાની પરંપરાને લક્ષમાં રાખી કેટલાક વ્યાપક લક્ષણો વિશે નીચે પ્રમાણે તારણ તારવી શકાય.

૧. ઊર્મિકાવ્ય નિત્યનૂતન એવી મનોમન અવસ્થાનું કે તેની પ્રક્રિયાનું નિર્માણ છે.

૨. ઊર્મિકાવ્યની ગતિ સૂક્ષ્માતિસૂક્ષ્મ અને તરલ હોય છે. રમતિયાળ થઈ વહી જતી ગતિવાળા ઊર્મિકાવ્યની આંતરગતિ વેગીલી, પોતાની અનુભૂતિની સૃષ્ટિ સર્જી દેનારી કવિતા, તે ઊર્મિકવિતા.

૩. Lyric અને Lyre નો મૂળગત સંબંધ છે. ઊર્મિકાવ્યનો ઉદ્ભવ ગાનમાં છે. પંક્તિઓ અને કંડિકામાં વહેંચાતી ઊર્મિકવિતાની લાગણી સમગ્રતયા એકતા ટકાવી રાખે છે.

૪. Literary song Lyric - ટૂંકુ લયબધ્ધ, કાવ્યત્વની વિશેષતાવાળું અને ગાનની શક્યતાવાળું હોય છે. ગાનના કેટલાક લક્ષણોનું સાતત્ય ઊર્મિકવિતાના સ્વરૂપને બાંધી આપે છે.

૫. Singleness of mind - એકચિત્તતા ઊર્મિકવિતામાં એક જ ભાવસ્થિતિનું કલાત્મક આલેખન હોય છે.

૬. personal વ્યક્તિગત, આત્મલક્ષી ઊર્મિનું આલેખન ઊર્મિકવિતામાં હોય તેમાં પ્રાબલ્ય અને વૈશિષ્ટ્યના ગુણો હોય.

૭. pure, Direct and simpleLyric ઊર્મિકાવ્ય સાદગી, સાધી અભિવ્યક્તિ અને નિર્બંધ અભિવ્યક્તિનું કાવ્ય છે.

kalpana's

૮. Immidiate ઊર્મિકાવ્યમાં ભાવાવસ્થાની લગોલગનો આત્મીય ઉદ્ગાર હોય છે. તેને A cry of straight from the heart. તરીકે ઓળખાવાય છે.

૯. Thought or passion or imagination - ત્રણ તત્વો ઊર્મિકાવ્યનું સ્વરૂપ બાંધનારાં મુખ્ય બળો છે. જે કાવ્યમાં વિચાર, ઊર્મિ કે કલ્પનામાંથી, જેનું પ્રાધાન્ય, તે રીતે તે ઉત્તમ ઊર્મિકાવ્ય બને પણ ત્રણેનું [illegible] સમતોલ આલેખન હોય તે સર્વોત્તમ, બ. ક. ઠા. ની ભાષામાં દ્વિજોત્તમ ઊર્મિકાવ્ય બને.

૧૦. ઊર્મિતત્વનું મહત્વ ઊર્મિકવિતામાં તેનું આત્યંતત્વ ઊર્મિતત્વ છે. બ. ક. ઠા. કહે છે તેમ કવિતા ઊર્મિમય હોય તો જ ઊર્મિકવિતા કહેવાય તેમાં ઉત્કટ ઊર્મિ અનિવાર્ય છે.

૧૧. લાઘવ ઊર્મિકવિતાનું મહત્વનું લક્ષણ છે. ઊર્મિની ઉત્કટતા નબે તેટલી જ વાર ઊર્મિકવિતામાં તેની અનુભૂતિનો સહજોદ્ગાર હોય. તેથી જ તે ટૂંકુ સીધી અભિવ્યકિતવાળું તીવ્રતમ Arrow like flight હોય તેથી જ તે લાઘવયુકત હોય.

૧૨. Rhythm રીધમ-લય, છંદોલય- ઊર્મિ પોતે જ પોતાનો લય લઈને ઉદ્ભવે છે લય ઊર્મિને સતત તાજગી બક્ષે છે.

૧૩. ભાષાશૈલી - લખાણ પોતે જ ભાષાશૈલી છે. ઊર્મિનો પટ શૈલી છે તેની ભાષા વર્તમાનકાળની હોય.

૧૪. સંઘટન- એકતા અને કલાત્મકતા કવિતાને સંઘટન પૂરાં પાડે છે. અને સંઘટનના કસબથી ઊર્મિકાવ્ય નવું રૂપ મેળવે છે. કવિતાનો ઉઘાડ, વિકાસ, અને સમાપન સંઘટન વિના આકાર પામતાં નથી.

૧૫. પહેલો અવાજ - આત્મલક્ષી ઊર્મિની તીવ્રતમ લગોલગની અભિવ્યકિત ઊર્મિકવિતામાં હોય છે. અને કવિતામાં કવિનો પોતાનો, હે

પહેલો આ જ, ઊર્મિકવિતામાં હોય છે.

ઊર્મિકવિતા અનુભૂતિની દૃષ્ટિએ આપણને જેટલી આત્મીય અને પોતીકી લાગણીનો અનુભવ કરાવનારી લાગે છે, તેટલી ઊર્મિકવિતા સરળ નથી. ક્યારેક પરિચિત સ્પર્શ ધરાવનારી આ કવિતાનો અકળ અર્થ તેના આસ્વાદ કલાત્મકતા અને આકર્ષણના કારણરૂપ લાગે તેવું ય બને છે.

૧૨. કોલરિજ કહે છે. "poetry is enjoyed best when it is not fully understand" ચંદ્રશંકર ભટ્ટ આજ વિચાર આમ મૂકી કહે છે કે...

૧૩. "જે આત્મીયતાથી આશ્લેષે છે, જેનો સ્પર્શ ઉત્તેજક છે અને જે ચિત્તને સભર કરે છે. મનને ડોલાવે છે, આનંદનો રોમાંચ અર્પે છે અણુ અણુમાં જેનો પ્રવાહ વહી રહે છે તે કવિતા આટલી નિકટ અને સુપરિચિત હોવા છતાં તેને સંપૂર્ણ પારખવી, જાણવી, એના સ્વરૂપને સુરેખ બાંધી આપવું એ કપરું છે."

ઊર્મિકવિતા હૃદયની અનુભૂતિની બદલાતી પરિસ્થિતિ પ્રમાણે સદાય બદલાતી રહેતી પરિવર્તનશીલ કવિતા છે. કાવ્યરચનાના મહત્વનાં અંગો આંતરસામગ્રી, સ્વરૂપસંયોજન અને અભિવ્યક્તિ સતત બદલાતાં રહે છે. ઊર્મિકવિતાનું સાચું સ્વરૂપ તેની અંતર્નિહિત લાગણીમાં જ હોય છે. અને તેથી કાવ્યનું વિધાન સર્વાંગી રીતે બધાં કાવ્યોને લાગુ ન પડે તો તેમાં આશ્ચર્ય

Kalpana's

પામતા એવું કંઈ નથી એ રીતે ઊર્મિકવિતાના હાર્દમાં એક રહસ્ય જણાય છે. નિત્યનૂતન મનોરમ અવસ્થાનું કે તેની પ્રક્રિયાનું કાવ્યમાં નિર્માણ થતું રહે છે. આ નાવીન્ય કૃતિને તાજગી બક્ષે છે. તેનાથી કાવ્ય લયબદ્ધ, ગતિશીલ અને સુડોળ બને છે. કોઈપણ ઊર્મિકવિતાની સફળતા તેના આ નાવીન્ય પર અવલંબિત છે. આ દ્રષ્ટિએ વિચારતાં 'નિત્યનૂતનતા તેના સ્વરૂપનું લક્ષણ' કહી શકાય. ઊર્મિકવિતામાં એવું બળ છે કે તે અનુભવનું પોતે સર્જેલું જગત ખીલવી શકે છે. તેને સંપૂર્ણ પામવી એટલા માટે સરળ નથી કે સરળ લાગતી ઊર્મિકવિતાનો આંતરવેગ ખૂબ ગતિશીલ હોય છે અનુભૂતિને લાગે વળગે છે ત્યાં સુધી એમ કહેવું જોઈએ કે ઊર્મિકવિતાની અનુભૂતિ માટે [illegible] સહૃદય હૃદય હોય તો જ તે પામી શકાય. કૃતિના ભાવને નહીં અનુભવી શકવાની ક્ષમતાને કારણે આપણે ઊર્મિકવિતા સુધી કદાચ ન પહોંચી શકીએ તો, અભિપ્રાય આપવામાં અન્યાય કરી બેસીએ તેવી ભીતિ રહે છે. આવી જ અન્યાયની એક બીજી દહેશત ઊર્મિકવિતાના સંદર્ભે કાવ્ય અને સંગીતની બાબતમાં લગભગ ઊર્મિકવિતામાં જોવા મળતા ગાયનવાદનના સામ્ય અંગે છે. ગ્રીકમાં 'લાયર' નામના તંતુવાદ્ય સાથે જ ગવાતું ગીત તે લિરિક, એવી સમજ પ્રચલિત હતી. એમાં કવન સાથે ગાયન અને વાદન હોવાનો અર્થ મળે છે.

ગ્રીક અને રોમન સાહિત્યમાં મળતા ગાયનવાદનના આ સામ્યના [illegible] અનુસંધાનમાં નરસિંહરાવ દિવેટિયા ભારતીય કાવ્યસાહિત્ય માટે જણાવે છે કે યજ્ઞોમાં ઉદ્‌ગાતાનો ઉલ્લેખ, મંત્રોચ્ચાર, સામવેદમાં થતું ગાન આ અંગે સાક્ષી પૂરે છે. રોમનોએ તો કવિને ગાયક રૂપે જ સ્વીકાર્યો છે. યુગોથી શબ્દ અને સંગીતને જુદાં જોયાં નથી. કોઈને કોઈ રૂપે તે એક બીજાના પ્રેરક-પૂરક રહ્યાં છે. નૃત્ય, સંગીત અને કાવ્યમાં ચાલતું આવતું આ સાતત્ય આજેય છે. તફાવત એટલો છે કે હવે તે શબ્દને અનુસારે તેવી ઘટના બની એને પરિણામે આ ઘટના બની ત્યારથી કાવ્યાભિમુખતા કેળવાઈ. નરસિંહરાવે ઊર્મિકવિતામાં ગાયન, વાદન, કવનના મુદ્દા નિમિત્તે કરેલી કાવ્ય અને સંગીતના સંબંધની

kalpana's

અર્થની ક્લૃપ્તિ એટલી કે 'લય અને અર્થના અભેદ' માંથી અને કાવ્યના બીજમાં poetic music (કાવ્યનું સંગીત-કાવ્યનો લય) મળે છે. આરોહ અવરોહની ગતિ સંગીત સર્જે તે ઇચ્છનીય છે. ટી. એસ. એલિયટ કહે છે.... ૧૪.''
'' The musci of poetry then, must be music latent in the common speech of its time.'' સર્જકનો ભાવ, હૃદયનો લય અને આત્મીયતાથી બોલા બોલાતી ભાષાના લયમાંથી સંગીત સિદ્ધ નિષ્પન્ન થઈ શકે. ભાષાની અભિવ્યક્તિનું પૂર્ણ કૌશલ હોય તો જ કવિતાને આ સંગીત મળે. કવિતાને સ્વરૂપની પ્રાપ્તિ આ કૌશલથી થાય એ રીતે કવિતાની ત્રણ સ્થિતિ વિચારાઈ છે. સંગીત માટે યોજાતી શબ્દરચના, શબ્દ રચનાને અપાતું સંગીત, અને ત્રીજી સ્થિતિ કવિતા તેના વસ્તુ અને સ્વરૂપે સ્વતંત્ર વિકાસ પામે તે છે. ઊર્મિકવિતાની સ્વરૂપચર્ચા માટે કાવ્ય અને સંગીતની ત્રીજી ત્રિ સ્થિતિનો વિચાર કરવો જોઈએ.

૧૫.''The primitive stage, in which the theme was of little importance and the language was in a crude and undeveloped state. The next stage in which the subject matter remained conventional and though with notable exceptions comparatively unimportant, but when words and rhythms were invested with the highest musical quality and the formal side of the poem was developed to the utmost; a third period in which the subject matter became of more importance than the form or the music; and the last period when subject and from assumed almost of equal importance and an artistic compromise was affected between the two."

kalpana's

ઊર્મિકવિતાનો ઉદ્દ્ભવ ગાનમાં છે. ગાનમાં આવતું લાગણીતત્ત્વ પંકિત કે કડીમાં વહેંચાય તો પણ સમગ્ર એકતા ટકાવી રાખે છે એ ઊર્મિકવિતાનું લક્ષણ બની રહે છે. ભાવાભિવ્યકિત અને ઉત્કટતાપણ ઓછેવત્તે અંશે તેના પર આધાર રાખે છે. ગાનમાંથી ઊર્મિકાવ્ય તરફની ગતિમાં જ્યારે સંગીતની કૃત્રિમતા અને અતિરેક અનુભવામાં હશે અને એ અવરોધક પૂરવાર થતાં તેમાંથી મુકત થવાથી ઊર્મિકાવ્યનો સર્વાંગી વિકાસ થયો હશે. અને એ વિકાસથી ભાવજગતની વિસ્તરતી સીમાઓને પામવાની શકિતના પ્રયત્ને વૈવિધ્ય સ્થપાયું હશે. અને એમ થતાં અગેય ઊર્મિકવિતા સૂઝી અને હિમાયત પણ થઈ.

૧૬. ડૉ. જયંત પાઠકના મત પ્રમાણે '' કાવ્ય શબ્દની કલા છે સૂરની નહીં.. લિરિકમાં રાગ કે સંગીતની નહીં પણ ઊર્મિ કે ભાવાવેગની અનિવાર્યતા સ્વીકારાય છે. લિરિકમાં આ ભાવનો આવેગ જ કવિતાના ઉદ્દ્ગારને અનુકૂળ લયમાં ઢાળે છે અને ભાવનું એક આગવું સંગીત નિપજાવે છે.'' ગાન અને ઊર્મિકાવ્યને ઉદ્દ્ભવથી જ અવિભાજ્ય સંબંધ હોય એમ લાગે છે. ઊર્મિકાવ્ય તરફ જે કવિતા ગતિ કરે છે તેવા ગાન અને ઊર્મિકવિતામાં ઘણી સમાન લાક્ષણિકતાઓ જોવા મળે છે. એવું

કે લયબધ્ધ, સવિશેષ, કાવ્યાત્મકતાવાળું, ગાનની સંભાવનાવાળું, પોતાનું જ લય કે ધૂનનું સંગીત લઈને આવનારું હોવાથી નોર્મલ હેપલ ખાસ નોંધે છે કે .....

૧૭. '' They sing themselves in the heart" એમાં તીવ્રતમ લાગણી અને એક જ ભાવસ્થિતિ, સી.કે લ્યુઈના મતે Singleness of mind અને personal કરીએ તેવું લાગણીનું સવિશેષ અંગત સ્વરૂપ એકાગ્રતાપૂર્વક કંડારાતું હોય છે. ગીત કે ગાન સાથેનો સમાન લાક્ષણિકતાને ધ્યાનમાં રાખી ચંદ્રશંકર ભટ્ટ કહે છે.

૧૮. ''આ ગીત સ્વરૂપ, તે ગાનનું ઊર્મિકવિતા તરફ વિકાસ પ્રતિ એક

kalpana's

ઊભરું આગળ જણાય. આથી જ ગીત ઊર્મિકાવ્યના એક સ્વરૂપ તરીકે પ્રતિષ્ઠા પામે છે '' ગાનનાં કેટલાંક લક્ષણોના સાતત્યોને કારણે ઊર્મિકાવ્યનો સ્વરૂપ વિકાસ બાંધવામાં તે મુખ્ય બને છે. ગાનને કારણે ઊર્મિકાવ્ય તરીકેની ઓળખ માટેનાં પ્રમાણો મળી શકે એમ છે.

૧૯. ''નર્મદે લિરિકનો 'ગીતકવિતા' એવો પર્યાય યોજ્યો તેમાં ગેયતા (Singability)નો પુરસ્કાર થતો જણાય છે. નવલરામે પણ કંઈક એવા જ ખ્યાલથી 'સંગીત કવિતા' શબ્દ પ્રયોજ્યો. નરસિંહરાવ 'સંગીતકાવ્ય' રમણભાઈ 'રાગધ્વનિકાવ્ય' ને આનંદશંકર 'સંગીતરૂપકાવ્ય' કહીને ઓછેવત્તે અંશે લિરિકમાં ગેયતાનો પક્ષપાત કરતા જણાય છે.'' ઊર્મિકવિતાને સમજવા માટે એનસાયક્લોપીડિયાની વ્યાખ્યા વધુ ઉપકારક નીવડશે.

૨૦. '' It is however as Hegel insists, the personal thought, or passion, or inspiration, which gives its character to lyrical poetry, while the metrical form is also to be taken into consideration since, as a rule, the lyric is short, its lines attain unusual speed and direction. It may be said that the lyric is a direct, arrow like flight, a spontaneous flash of emotion which makes its own music."

kalpana's

એનસાઈક્લોપીડિયા બ્રિટાનીકાની આ વ્યાખ્યા બે કારણોને લીધે પસંદગી માટે વધુ યોગ્ય લાગી એક તો ઊર્મિકાવ્યમાં સ્વરૂપ-લક્ષણોનું આમાંથી ઘણેરું મળી તેમ છે. તેનો જન્મ અને બળ તેમજ ગતિ આપનારાં પરિબળો આમાંથી ઓળખી શકાય એમ છે. અને બીજું, ઊર્મિકવિતામાં આત્મલક્ષીપણાનું પ્રાધાન્ય સવિશેષ મહત્વનું ગણાયું છે. ઊર્મિકવિતાના વિકસતા સ્વરૂપના પાયામાં આત્મલક્ષીતાનો ફાળો ઘણો મોટો એ રીતે કહેવાય છે કે એના પ્રભાવે બીજાં લક્ષણો આપોઆપ ખીલે છે. એ આત્મલક્ષીતા પ્રત્યે આ વ્યાખ્યા ધ્યાન દોરે છે. વ્યાખ્યામાં નિર્દેશેલાં personal thought, passion, inspiration, short form of lyric, its line attains unusual speed, direction, arrow like flight અને

સી. ડે. લ્યૂઈ એ Singleness of mind (એકચિત્તતા) નાં લક્ષણોના પાયામાં આ જ આત્મલક્ષિતા અને એક જ મનઃસ્થિતિ રહેલાં છે. કારણ કે વ્યાખ્યામાં વિચાર-ચિંતન દ્વારા તેના એકવચનનો ઉલ્લેખ ઘણા અર્થો સૂચવી જાય છે. ઊર્મિકવિતામાં કોઈ એક જ વિચાર-ચિંતન હોય એમ પણ અભિપ્રેત છે. ઊર્મિકાવ્યનું સ્વરૂપ ટૂંકું, લઘુકાવ્યરૂપ અને તેમાં સંવેદનાની તીવ્રતમ અનુભૂતિના આગ્રહની દૃષ્ટિએ એક વિચાર કે એક જ ચિંતનકણ તેના લાઘવની દૃષ્ટિએ યોગ્ય છે. સી. ડે. લ્યૂઈ એ કવિ-હૃદયનો સીધો ઉદ્‌ગાર '' arrow like flight, A cry straight from the heart" એકચિત્તતાથી સર્જનમાં પરિપૂર્ણતા સધાયા પછી એકતા સધાય અને પછી જ સુગ્રથિતતા, પારદર્શકતા, અને Direction સૂચિની ગતિ મળે. ઊર્મિકાવ્યમાં વણાઈને આવતાં ભાવ વિચાર કે ચિંતનની એક-ચિત્તતાવાળા પ્રસંગ કરતાં તેમાંથી અનુભવાતી સંવેદના મહત્વની છે. ઊર્મિ દ્વારા અનુભવાતી સંવેદના કવિતાને વધુ કલાત્મકતા અને આસ્વાદગુણ બક્ષી જાય છે.

Kalpana's

૨૧.ડૉ. જહૉન પાઠક કહે છે કે '' લિરિકમાં ઊર્મિનું સાહજિક, અકૃત્રિમ, અને સીધું પ્રકટીકરણ અપેક્ષિત હોઈ મહાકાવ્ય કે નાટકની અપેક્ષાએ કદાચ એમાં કલાવ્યાકરણના જ્ઞાનની આવશ્યકતા ઓછી રહે છે.....એનો અર્થ એવો નથી કે લિરિક કોઈ કલા શિથિલ રચના છે. ઊર્મિના સહજોદ્‌ગાર માટે તે કહે છે ''કલા નિયમોથી અજ્ઞાત વ્યકિત કે સમુદાયના કંઠમાંથી લિરિકના ઉદ્‌ગારનો સંભવ પણ મહાકવિ કે નાટકની રચનાનો નહીં એટલું જ અભિમત છે'' કલાત્મક ઊર્મિકવિતા કવિના રચના કૌશલની ઉત્તમ સિધ્ધિ છે કારણ કે '' ઊર્મિકવિતામાં સંવેદનાની અભિવ્યકિતમાં ....

૨૨.''આદિથી અંત સુધી તલવાર પર ચાલવાનું હોય છે. એટલે એમ કહી શકાય કે ઉત્તમ ઊર્મિકાવ્ય રચવું એ અન્ય દીર્ઘ રચનાઓ કરવામાં જોઈએ તેટલી જ પ્રતિભા અને કલાકસબ માંગી લે છે. કદાચ વધારે પણ.....'' માટે જ ઊર્મિકાવ્યમાં પ્રસંગ કરતાં એની કલાસૂઝ, personality નો આવિર્ભાવ, મહત્વના ગણાયાં છે. ચંદ્રશંકર ભટ્ટ કહે છે '' ઊર્મિકવિતાનું સર્જન એટલે કવિની પ્રતિભા અને કાવ્યની એકરૂપતા....'' એના પ્રકટીકરણમાં રૂપનું વૈશિષ્ટય અને પ્રાબલ્યનું ખૂબ મહત્વ છે. ડૉલરરાય માંકડ કવિતાનું વિભાજન ત્રણ વર્ગોમાં સંસ્કૃતમીમાંસાને આધારે પાડે છે. વસ્તુપ્રધાન, ઊર્મિપ્રધાન અને કલ્પનાપ્રધાન કવિતા. તે કહે છે. '' કાવ્યના શ્રવણ કે વાચનના અન્તે ભાવકના મન ઉપર પ્રધાનપણે છાપ વિચારની પડે કે ઊર્મિની પડે કે કલ્પનાની પડે, તે મુજબ તે કાવ્ય વિચારપ્રધાન, ઊર્મિપ્રધાન કે કલ્પના-પ્રધાન ગણાય. એમ મારું કહેવાનું છે'' અને આ ત્રણે પ્રકારોમાં ઉત્તમ કાવ્ય શકય છે . જો આ ત્રણેય વર્ગોમાં ઉત્તમ કવિતા પ્રાપ્ત થઈ શકે તો ઉત્તમ ઊર્મિકવિતા કઈ ?

૨૩. પ્રો. ઠાકોર'લિરિક' ગ્રંથમાં કહે છે '' હું તો કવિતા માત્રમાં બીજા ગુણોની સાથે સાથે ઊર્મિવત્તાનો ગુણ જોઈએ એમ કહું છું અને કોઈ પણ કવિતાને લિરિક કહી શકું તે માટે તેમાં ઊર્મિવત્તા બસ નથી ગણતો ઊર્મિપ્રધાનતા

kalpana's

માગું છું..... કવિતા માત્ર સુસ્પષ્ટ, કલ્પનોત્થ, મધુર-સુષ્ઠુ, તેજોમય વગેરેની સાથે સાથે ઊર્મિવત્ પણ હોવી જોઈએ. અને એમાંથી જે ઊર્મિપ્રધાન હોય તે કવિતા લિરિક'' બ.ક.ઠા. ની દૃષ્ટિએ ઉત્તમોત્તમ કે સર્વોત્તમ ઊર્મિકવિતા જેમાં વિચાર, ઊર્મિકલ્પના ત્રણેય સમતોલ સ્થિતિમાં ઉચિત રીતે સપ્રમાણ હોય તે દ્વિજોત્તમ કવિતા- એમ કહ્યું છે. ઊર્મિતત્વ વિના ઊર્મિકવિતા સંભવે નહીં.

૨૪. ''કવિતામાં ઊર્મિતત્વ હોવું જ જોઈએ, ઉર્મિશૂન્ય તે કવિતા નહીં કવિતા હૃદયનો વ્યાપાર અને હૃદયને સ્પર્શવાની કલા હોવી જોઈએ. આની કોઈ ના નથી પાડતું'' ઊર્મિવત્ હોવું અને ઉર્મિમય કે ઊર્મિપ્રધાન હોવું એ બે વચ્ચે ઘણો ફેર છે.''

ઊર્મિકાવ્ય નિર્ભેળ pure ; સીધી અભિવ્યકિત Direct અને સરળ simple કાવ્ય પ્રકાર છે. સી.ડી. લેવીસ લિરિકનું સ્વરૂપ સમજાવતાં કહે છે :

૨૫." We think of the lyric as the purest and simplest form of poetry. I$ is a poem which expresses a single state of mind, a single mood or sets of mood or sets of two simple moods one against the other. It does not argue or preach. It is moralizes the moral has an unsophisticated proverbial ring....It is transparent undiluted by any cerebral matter." (The lyric Impulse- P. 3-4)

આ વ્યાખ્યામાં Transperent પારદર્શકતાનો પણ નિર્દેશ કર્યો છે. તે એટલે ઉર્મિકાવ્યમાં બધી નિરર્થકતા અને આનુષંગિક વળગણોથી મુકત હોય તો જ પારદર્શકતા સાધી શકાય. જો તે એક જ વિચાર કે

Kalpana's

ભાવનો સહજોદ્ગાર હોય તો ભાવાવસ્થાના લગોલગનો આત્મીય Immediate ઉદ્ગાર બની શકે. અને તેની વચ્ચે બીજું કાંઈપણ પ્રવેશવાની શક્યતા ન હોવાથી તે નિર્ભેળ pure, Direct અને simple કહી શકાય બ. ક. ઠા. લિરિકના લક્ષણ વિશે જણાવે છે કે ....

૨૬. "The characteristic of the lyric is that It is the product of the pure poetic energy unassociated with other energic and that lyric and poetry are synonymous terms"

ઊર્મિકવિતામાં જ, કેવળ કાવ્યત્વ હોય અથવા તો pure poetic energy હોય. એવું અર્થઘટન થઈ શકે કે ઊર્મિકવિતાનું આત્મતત્વ, ઊર્મિ જ આ pure poetic energy હોઈ શકે.

૨૭. " A lyric which may be said to be a poem, where the pure poetic energy is not noteabley associated with other energies with a partial exception to which reference will be made."

આ વ્યાખ્યામાં જણાવેલા noteabley associated દ્વારા ઊર્મિકવિતાનાં બીજાં લક્ષણો સૂચિત થઈ જાય છે. ઊર્મિકવિતાને વધુ સ્પષ્ટ કરતું વિધાન તપાસીએ.

૨૮. "To say that a lyric is generaly short, is but to say that poetic tention can be only be substained for a short time."

આ વિધાનમાં 'Lyric is generaly short' નો ઉલ્લેખ છે. એ ઊર્મિકવિતાના લાઘવનો નિર્દેશ કરે છે. અનુભૂતિની લગોલગનો સહજોદ્ગાર અને તે ય Pure, Direct અને એક વિભાવનાવાળી અભિ-

kalpana's

વ્યકિતની ચસલિયત માણવી હોય તો તે લાંબો સમય ટકે એ શકય ન પણ હોય તેથી It is short એમ કહેવાતું હોય. વળી એક જ વિચાર કે ચિંતનની કણિકાનો Immidiate ઉદ્દગાર લાંબા સમય સુધી ટકી શકે નહીં એ તો નિશ્ચિત છે કે ઊર્મિકાવ્યમાં એક જ ઉર્મિ કે ભાવનું સીધું આલેખન ઈષ્ટ છે. કોઈપણ ભાવ અડધા કલાકથી વધુ ભાવમુકત રહી શકે નહી.

૨૯. ડૉ. જયંત પાઠક કહે છે કે'' લાઘવ લિરિકનું એક લક્ષણ ગણવામાં આવ્યું છે એમાં એવી સમજ રહેલી છે કે ઊર્મિકાવ્ય કદમાં ટૂંકુ હોય એટલું જ નહીં પણ એમાં ભાવની સીધી - અભિવ્યકિત હોય''..... વળી ઊર્મિકાવ્યમાં એકજ ભાવનું સીધું આલેખન ઈષ્ટ છે'' અનેક કારણોની ચર્ચાને અંતે વિચારવામાં આવ્યું કે....

૩૦.''લિરિકમાં....ભાવ કે લાગણી એક જ હોય તે સંકુલ ન હોય તેની અભિવ્યકિત ચોટદાર અને સીધી હોય'' તે .... કદમાં ટૂંકુ હોય તે પારદર્શક અને બુધ્ધિતાપથી મુકત હોય'' - લિરિકમાં લાઘવ કેટલું ઉચિત કે સાર્થક હોઈ શકે તેનો ખ્યાલ ડ્રીંકવોટરના અભિપ્રાયથી આવશે કે.....

૩૧.'' What happens, I think is this, the poetic mood, selecting a subject records its perception of that subject, the result is a lyric and the mood passes"

આ (પરશેપ્શન) perception લિરિકના સ્વરૂપને ઘડનારું બળ છે. સમગ્ર ચર્ચાનો સાર એટલો તારવી શકાય કે શુધ્ધ કવિતા લિરિકમાં જ ટકી શકે અને એ અર્થમાં ડ્રીંકવૉટર લિરિક અને કવિતાને એકબીજાના પર્યાય તરીકે સમજાવે છે. બ. ક. ઠા. ની દૃષ્ટિએ કાવ્યમાત્ર ઊર્મિકવિતા ન હોઈ શકે પણ ઊર્મિમય હોય તે ઊર્મિકવિતા હોઈ શકે. સામાન્ય રીતે વાંચતા ડ્રીંક-વાટર અને બ. ક. ઠા. ના મતોમાં તફાવત લાગે પરંતુ બન્ને એકજ મુદ્દા પર આવીને મળે છે કે બ. ક. ઠા. ઊર્મિમયને ઊર્મિપ્રધાન કવિતા તરીકે

kalpana's

સ્વીકારે છે. જ્યારે ડ્રીંકવૉટર perception અને લાઘવની આપેલી સમજ પ્રમાણે ઊર્મિનો તો સ્વીકાર કરે છે અને તે perception ઊર્મિવત્‌ નહીં પણ ઊર્મિમય હોય એમ માને છે. ઠાકોર અને ડ્રીંકવૉટરની વિચારણામાંથી એટલી સ્પષ્ટતા સ્વીકાર્ય છે કે ડ્રીંકવૉટરના મતે ઊર્મિતત્વની અનિવાર્યતાની સાથે કાવ્યશકિત સિવાયની પણ કોઈ શકિત સાથે બાહય સંબંધ છે. જ્યારે ઠાકોર કહે છે કે ઊર્મિતત્વની અનિવાર્યતા સાથે બધી શકિતઓનો સંબંધ ઘણો ઊંડો અને એકાત્મ છે. ઠાકોરના લિરિક ગ્રંથનો સ્તર એટલો જ કે કવિતા માટે ઊર્મિ આવશ્યક છે પરંતુ ઊર્મિકવિતા માટે કાવ્ય ઊર્મિમય, ઊર્મિપ્રધાન હોવું અનિવાર્ય છે.

નરસિંહરાવ પણ ઊર્મિને લિરિકના અવિભાજય અંગ તરીકે માને છે. માંકડસાહેબને પણ નરસિંહરાવનો મત સાચો લાગે છે. એવું આ વિધાન પરથી કહી શકાય.

૩૨.'' લિરિકનો અર્થવિસ્તાર થતાં થતાં કોઈપણ પ્રકારનાં અને કોઈપણ વિષયના ટૂંકા કાવ્યને લિરિક કહેવાની પ્રથા પડી ગઈ છે'' આજે વિકસેલા ઊર્મિકાવ્યને ધ્યાનમાં રાખીને જોઈએ તો નરસિંહરાવ અને માંકડ-સાહેબનું અર્થઘટન ખોટું નથી. લાગતું બીજા કાવ્યગુણો ઈચ્છનીય ખરા, પણ ઊર્મિકાવ્યની ઉત્તમ ઓળખ તો ઊર્મિના પ્રાધાન્યને આધારે જ થઈ શકે અને ઊર્મિ ઊર્મિ અનિવાર્ય સ્વીકારાય, ડ્રીંકવૉટર કહે છે.

33.''The Quality which is commonly said to by exclusively lyric is the quality of all poetry."

નરસિંહરાવ અને કલેમ-ટ્રુડના અભિપ્રાયને પણ આ વિધાનથી સમર્થન મળે છે. મનન, ચિંતન ઉપરાંત ઊર્મિતાપ સ્પર્શક્ષમ બને તેટલી માત્રામાં અને અનુભવી શકાય તેટલી માત્રામાં, સ્પંદનશીલ માત્રામાં હોવું જોઈએ. ઊર્મિકાવ્ય માટે ઉત્કટ ઊર્મિ અનિવાર્ય છે અને ઉત્કટઊર્મિનું સઘન સંવેદન જેટલો સમય રહે તેટલી જ અરાલ ઊર્મિ-કવિતાએ દૃષ્ટિએ પણ ઊર્મિકાવ્ય સંક્ષિપ્ત હોવું

જોઈએ. લિરિકમાં ભાવ ગમે તે હોય, અને ગમે તે સ્વરૂપનો હોય પણ તેની અભિવ્યક્તિ મહત્વની છે. વળી એમાં ભાવ અને ભાવની તાર્કિકતા એકબીજામાં ભળી એકરૂપ થઈ જવાં જોઈએ. ઊર્મિકવિતામાં વિષય કે પદાર્થનું ભાવમય રૂપાંતર, અને એ રૂપાંતરનું સીધું અને પારદર્શક આવિષ્કરણ લિરિકમાં આવવું જોઈએ. ઊર્મિકવિતામાં કવિએ ભાવકને સંવેદનાનો અનુભવ કરાવવાનો હોય છે માટે જ...

૩૪. ઊર્મિકાવ્ય તો પતંગિયા જેવા જંતુનું ય હોય અને બ્રહ્મ જેવા વિરાટતાનુંય હોય. બ્રહ્મની ચરાચરતા એમાં કવિતાની રીતે સિધ્ધ કરેલી હોય બીજી રીતે કહીએ તો વર્ણ્ય વિષય નહીં પણ વર્ણન રીતિ લિરિકનું નિર્ણાયક તત્વ બને.'' ભાવનાં વિકાસ કરતાં, ભાવ ઘૂંટાય, તેનો અર્કભાવકમાં ઊતરે, મૂળ ભાવના તરંગો, આંદોલનો, રૂપો સર્જાય તે ઊર્મિકાવ્ય માટે મહત્વનું છે એમાંથી લિરિકનું સ્વરૂપ લક્ષણ તારવી શકીએ.

૩૫.''લિરિકમાં ભાવ કે લાગણી એક જ હોય તે સંકુલ ન હોય, તેની અભિવ્યક્તિ ચોટદાર સીધી હોય તે કદમાં ટૂંકુ હોય, તે પારદર્શક અને બુધ્ધિતત્વથી મુક્ત હોય.'' સી.ડી. લેવિરી લિરિકનું સ્વરૂપ સમજાવતાં લખે છે.

૩૬.'' We think of the lyric as the purest and simplest form of poetry. It is a poem, which expresses a single state of mind, a single mood or sets of mood or sets of two single moods one against the other. It does not argue or preach. It is morilizes the moral has an unsophisticated proverbial ring. It is transparent undiluted by any cerebral matter (Lyric Impulses-P-3-4.)

kalpana's

ઊર્મિકવિતાનો ઉદ્ભવ ગાન સાથે અને તેનું ગીત તેમજ સંગીત સાથેનું સાતત્ય વિશે બેમત નથી. ડૉ.પાઠક નોંધે છે કે ...

૩૭.'' મધ્યકાલીન ઊર્મિકવિતામાંના કેટલાંક વિશિષ્ટ લક્ષણો નોંધવા જોઈએ એમાં તરત સૂઝે એવું તે એની ગેયતા''! પણ સૂઝ કેળવાતાં એ સ્પષ્ટતા થઈ કે શબ્દ અને સૂર એકબીજાથી જુદી કલાઓ છે. ઊર્મિકવિતામાં ઊર્મિ કે ભાવાવેગ મહત્વનું અંગ છે. આ આવેગ જ કવિતાના ઉદ્ગારને અનુકૂલ લયમાં ઢાળે છે. અને ભાવનું એક આગવું સંગીત નિપજાવે છે. નવલરામ અને નરસિંહરાવ જેવાં અનેક કવિ-વિવેચકોએ લિરિકને સંગીત સાથે અવિનાભાવે સંબંધે જોડવા જેવું કર્યું ત્યારે 'કવિતામાં ગેયતા'ની સ્પષ્ટતા સમજવી અનિવાર્ય બની. કવિતા માટે સૂર કરતાં શબ્દ કે વાક્યના વિન્યાસ અને લયની ગેયતા વધારે ઉપકારક છે. ગેયતા સંગીતપરક નહીં પણ કાવ્ય-ઘટનાપરક ગેયતા છે. આ સંબંધમાં ઉમાશંકર જોશીનાં વિધાનો ધ્યાનાર્થ છે તેઓ કહે છે કે ....

૩૮.''કવિતાની સાથે સંબંધ ધરાવતો એવો ગેયતાનો અર્થ તે વર્ણમાધુર્ય'' મિલ્ટન ને Music નો વારંવાર ઉલ્લેખ કરે છે તે આ મિલ્ટનની કવિતાના વર્ણમાધુર્યનો અર્થ આપે છે'' સંગીત, ગેયતા અને છંદોલયને માટે એટલું કહી શકાય કે છંદોલયનું કલાત્મક ગુંફન કાવ્યના આત્મા સુધી પહોંચવા મહત્વનું માધ્યમ બની શકે. કેટલીક વાર લય પોતે પેલી ઊર્મિને લઈને અંતરમાં એવું ઘર કરી જાય છે કે તેનો ગુંજારવ રણકયા જ કરે .

૩૯.બ્રુનેટિયરના મતે'' They sing themselves in the heart.'' સી. ડે. લ્યુઇના શબ્દોમાં........

૪૦.''The bussiness of lyric is to make words sings and dance''

'' સર્જનની પળોમાં કેટલીકવાર ઊર્મિ પોતાની સાથે શરીર આત્માની સાથે જન્મ લઈને આવે તેમ લયને લઈને આવે છે. લય ઊર્મિને સતત તાજગી આપે છે. ભાવસ્થિતિના તાદૃશ પ્રગટીકરણ માટે કાવ્ય માટે,

Kalpana's

કાવ્યના હાર્દ સાથે એકરૂપ થવા માટે, ઊર્મિનો છંદોમય સાથેનો સુમેળ ખૂબ જરૂરી છે. સી.ડે. લ્યૂઈ કહે છે..

૪૧.'' My own tests for the true lyric are tests of mood, rhythm and language અને લ્યૂઈના મતે.....

૪૨.''It (lyric) can be a cry straight from the heart '' સહજોદ્ગાર માટે, ચિદાવસ્થાના પ્રતિબિંબ માટે, અને આંતરસંચલનને પામવા માટે છંદોલય ઉત્તમ માધ્યમ છે ચંદ્રશંકર ભટ્ટ કહે છે..

૪૩.''છંદોલયના હિલ્લોલ દ્વારા જો તે ભાવકના ચિત્તને ડોલતું ના કરે, આંદોલિત ના કરે; તો તે ઊર્મિકાવ્ય તરીકે ઓછું ઉતરે એમકહેવાય . ઊર્મિકાવ્યજગતમાં પ્રવેશવાની તે પતનપાવડી છે'' સ્ટીફન સ્પેન્સરે જણાવેલાં કાવ્યનાં પાંચતત્વોમાં છંદોલયનો પણ ઉલ્લેખ છે. કાવ્ય માટે આ છંદ કે લય બહિરંગ નથી કવિએ પ્રયોજેલા છંદનું ઔચિત્ય અને અનિવાર્યતા પૂરવાર થાય અને એક જ છંદ કાવ્યે કાવ્યે અવનવા ભાવજગતને ભરી દે તેવી ગુંજાશ ધરાવે આ બન્ને તાસીર છંદની છે. માટેજ ઉમાશંકર જોશી કહે છે . ..

૪૪.''પંક્તિ એ પંક્તિએ નિરનિરાળાં વર્તવાનાં હાર્બટ રીડ ઈમેઈજની સાથેની મેટાફરની ચર્ચામાં શબ્દસંગીતને કાવ્યના રક્તપ્રવાહ સમાન ગણે છે. આ શબ્દસંગીતમાં શબ્દના ધ્વનિ સાથે છંદોલય પણ તેમને અભિપ્રેત છે.

લાઘવનો અર્થ કાવ્યમાં મૂર્ત થતાં વિષય વસ્તુ કે ઊર્મિનું લઘુજી વિત્વ છે. લઘુજીવિત્વ એટલે લાઘવના અર્થમાં અભિવ્યક્તિનું જીવંતપણું. ઊર્મિકાવ્યમાં શબ્દે શબ્દે, પંક્તિએ પંક્તિએ લાઘવ જળવાવું જોઈએ. કાવ્યની ગતિ સીધી અને ઝડપી બને અને Quality ગુણવત્તા જળવાય તે માટે લાઘવની પૂર્ણતા જરૂરી છે. લિરિકમાં લાઘવને સંગત એક મુદ્દો તેના અર્થગ્રહણનો છે. સામાન્યરીતે બુધ્ધિથી ગ્રહણ થતો કે વ્યક્ત થતો અર્થ પ્રચલિત છે. પણ કાવ્યનો અર્થ એનાથી જૂદો છે.

kalpana's

૪૫. ''કાવ્યનો અર્થ તે આપણા સંવિત્તને સ્પર્શતી, તેના આલોકથી અજવાળતી સંવેદના રૂપ દ્યુતિ'' કાવ્યનો અર્થ એની આગવી રીતે આકાર પામે છે.''

૪૬. કાવ્યમાં કવિ દ્વારા થતાં ભાવસ્પર્શથી આકાર બાંધી ઉત્કટતા ઉમેરતાં કાવ્યના ભાવનાથી આપણા ચિત્તમાં એ ભાવ ઉગ્ર ઉત્કટતા રૂપે વ્યાપી જાય આ વ્યાપન એજ અર્થ. માટેજ ઊર્મિકાવ્યમાં તો કવિના સંવેદન સાથે સીધો સંવાદ સાધવાનો હોઈ ભાવકમાં કલ્પનાશીલતા વધારે જોઈએ.''

સંઘટન કાવ્યને unity આપે છે. કાવ્યનો ઉઘાડ, તેનો વિકાસ અને તેનું સમાપન તેની સર્જન શક્તિને આભારી છે. તેનાથીજ તેનું સંઘટન સાધી શકાય. જો કલાત્મકતા વિનાનું ઊર્મિકાવ્ય સંપૂર્ણ ગણાતું હોય તો કલાત્મક ગ્રંથ તરીકે પૂર્ણતા બક્ષવામાં સંઘટનનો ઘણો મોટો ફાળો છે.

૪૭. ''મોતી જેવા ઊર્મિકાવ્યને માટે તો તે ઘણી અગત્યની બાબત ગણાય, કારણ કલાત્મકતા વિના તે પાણીદાર-તેજસ્વી બની ન શકે'' ઊર્મિકાવ્યને એકતા (unity) અને કલાત્મકતા આપનાર સંઘટન છે. વિકાસની સાથે કાવ્યે કાવ્યે આ સંઘટનને વૈવિધ્ય પ્રાપ્ત થયું. નોરમન હેપલે સુચવેલા સંઘટનના તબક્કાઓમાં, આજે વિકસતી જતી ઊર્મિકવિતામાં નવાં નવાં સંયોજનો થતાં રહયાં છે. આ પરથી સમજાશે કે સંઘટન ઊર્મિકવિતા માટેનો અનેરો કસબ છે. સંઘટનની વિવિધતા ભાવસંચલનને આભારી છે. સંઘટન પ્રમાણે ઊર્મિકાવ્યમાં વળાંકો આવે છે. કાન્તનાં કાવ્યોમાં સંઘટનનો કસબ જોવા મળશે. ટૂંકમાં ઊર્મિકવિતા માટે સંઘટન સ્વતંત્ર કસબ છે.

ઊર્મિકાવ્યમાં ઊર્મિની અભિવ્યક્તિ આત્મલક્ષી રંગે રંગાઇને જ આવતી હોય છે. ઊર્મિ આત્મલક્ષી હોય કે પરલક્ષી તે આત્મસાત થયા પછી જ કાવ્યકૃતિને લાયક બની શકે કારણ કે.....

૪૮. ''ઊર્મિકાવ્યનું સર્જન એ અનુભૂતિનું સર્જન છે.'' તેથી એમ કહી શકાય કે ઊર્મિકવિતાનું સર્જન એ અનુભૂતિનું કલાસર્જન કે કાવ્યસર્જન છે. ભાવ સ્થાયિ

kalpana's

હોય પણ ઊર્મિકવિતામાં તેની અનુભૂતિ પ્રત્યક્ષાવત્ હોય.

૪૯. ''ઊર્મિકાવ્યનું માળખું Frame work – એ જીવાતી ક્ષણનું નિર્માણ છે તેથી તે પ્રત્યક્ષાવત્ ક્ષણનું નિર્માણ ગણી શકાય. માટે તેની ભાષા વર્તમાનકાળની હોવી જોઈએ. ચિત્ત વર્તમાન સ્થિતિમાં મૂકાય પછીજ ઊર્મિકાવ્યનું અવતરણ થાય, આ દૃષ્ટિએ ઊર્મિકાવ્યનું સર્જન ખાસ સજ્જતા માંગી લે છે. ઊર્મિકવિતા દ્વારા વર્તમાનમાં પ્રવેશ એટલે જ પ્રત્યક્ષાવત્ સાક્ષાત્કાર, આ અર્થમાં નાના ઊર્મિકાવ્યનું સર્જન ઘણી મોટી શકિત અને સજ્જતાની કાબેલિયત માંગી લે છે. ઊર્મિના તરંગોની સાથે જ અભિવ્યકિત લયમાં લપેટાઈ ઝૂમતી હોય છે. માટે વૃક્ષને પાંદડા ફૂટે કવિતાને શબ્દો અને અર્થો પ્રાપ્ત થવા જોઈએ. શૈલી વળી અભિવ્યકિતથી પર કેવી રીતે હોઈ શકે ?'' અભિવ્યકિત (Expression) એ જ એની શૈલી છે. ઉમાશંકર જોશી સ્પષ્ટતા કરે છે કે ''આખું લખાણ એ જ શૈલી છે.'' દેહદેહીની જેમ શૈલી કૃતિમાં સમાયેલ હોય છે.

સહજોદ્ગારથી મંડાતો ઊર્મિકવિતા પ્રાગટય અને તેના અંગો, લક્ષણોને ઘડનારી શકિત, તેના પ્રેરણાબળ અને સંયોજનના તત્વ અને વિભાવ, તેનો છંદોલય અને તેનું સંગીત તેમાનાં કલ્પન અને પ્રતીકનાં નિયોજન, અને તેની સકલ કલાત્મકતા માટે ઉત્કટ ઊર્મિ જ રસાયણરૂપે કામ કરે છે. ત્યારેજ અમર ઊર્મિકાવ્યની કલાકૃતિ પ્રાપ્ત થાય છે.

એલિયટે ચર્ચેલા ત્રણ અવાજોમાંથી, ઊર્મિકવિતાને લાગે વળગે છે ત્યાં સુધી એ કવિતાનો પહેલો અવાજ છે. પહેલા અવાજમાં નૈસર્ગિકતા – પૂર્ણતાથી સચવાઈ રહે છે. અને એ અર્થમાં જ ઊર્મિકવિતા એ કવિતાનો શુધ્ધ અવાજ ગણાય છે. તે ખોટું નથી કારણ કે તે નિર્ભેળ, પારદર્શક, એવો pure, Simpe, Direct અવાજ સહજોદ્ગાર છે તે સૌને વિદિત છે. બીજા શબ્દોમાં કહીયે તો તે 'લાગણીની લગો લગનો' – Immidiate સીધો, તીવ્રતમ, અવાજ બને છે. તેમાં ઊર્મિની સચોટતા, આવેગ, સાહજિકતા અને પારદર્શકતા હોય છે. આમ કવિતાના પહેલાં અવાજનું – આ પ્રકારનું

kalpana's

સંયોજન ઊર્મિકવિતાના સ્વરૂપને ઘણી રીતે સ્પષ્ટ કરી આપે છે.

કાવ્ય કરી શકાય તેવી કૃતિમાં એકાદ ઈશ્વરદત્ત પંક્તિ પછીનો આયાત, ભાષાપ્રપંચ ભલે કૃતિને આકાર આપતા હોય પણ આખી કૃતિના સર્જનવ્યાપાર પર પેલી ઈશ્વરદત્ત કે પ્રેરણાદત્ત પંક્તિનું ભાવાભિવ્યક્તિ પર નિયંત્રણ હોય છે. G.D.Lewis પેગાસરી નેબેરોગેશનની પુરાણકથાના સંદર્ભમાં એને golden bridle કહે છે. વૃત્તિ માટેના ઊર્મિકાવ્યોમાં ધ્રુવપંક્તિની પુનરુક્તિ ભાવનું ઘનીકરણ અને ભાવના સંગ્રહણ અને કૃતિના સમગ્ર સંદર્ભને ચિત્તમાં ધારણ કરી રાખવા ઉપકારક અને સહાયક બની રહે છે. લિરિકની નાની રચનામાં ઓજારો વધુ સૂક્ષ્મ અને પ્રયોજનારમાં ઊંડી સૂઝ જોઈએ. શુધ્ધ કે કેવળ કવિતા ઊર્મિકવિતાનો પ્રાણ હોઈ રચનામાં એવી પ્રાણ – પ્રતિષ્ઠા કરવાનું કવિકર્મ ઘણી શક્તિ અને સજ્જતા માંગી લે છે.

પર... જો કાવ્ય અંતતોગત્વા ભાવ કે ઊર્મિના પ્રબળ સંસ્કાર મૂકી જતું હોય તેનો (impect) ચિત્તના ઊર્મિતત્વ પર વિશેષતઃ થતો હોય, ભાવપ્રેરક બનતો હોય તો તે કાવ્ય લિરિકના વર્ગનું ગણાય.'' કવિ સીધે સીધો ભાવ વ્યક્ત કરે તો આત્મલક્ષી ઊર્મિકાવ્ય અને બીજાને કરે તો હોય કે રજૂ કરતો હોય તો પરલક્ષી. ઊર્મિકવિતા બને પણ બે પાત્રના સંવાદરૂપે રજૂ કરે તો તે 'Dramatic Lyric' બને રાધા કે કૃષ્ણની ઉક્તિવાળી દયારામની નરવીઓ આ પ્રકારના ઊર્મિકાવ્ય છે. એમાં ધ્યેય નાટ્યાત્મકતા નહીં પણ ભાવોત્કટતા સિધ્ધ કરવાનું હોય છે. લિરિકમાં કોઈપણ ભાવ –વાતબહાર નથી પણ ભાવક કરતાં સંવેદન, ઊર્મિની અભિવ્યક્તિની સિધ્ધિમાં ઊર્મિકાવ્યની ચરિતાર્થતા છે.

બહુ પહેલાં 'લખતાં લહીયો થાય' એ વિભાવનામાંથી પછી 'લખે તે લેખક અને લખાય તે લેખ' એવી વિચારધારામાંથી નવાં નવાં પરિવર્તનો પ્રમાણે વિકાસની ઉઘડતી દિશાઓમાં કલાક્ષેત્રે પણ વર્ગીકરણ વ્યવસ્થિત થતું ગયું પરિણામે સાહિત્યના ઘણા પ્રકારો ખીલ્યા, ફુલ્યાફલ્યા, સમયની

kalpana's

સાથે સાથે સાહિત્યના દરેક સ્વરૂપની લક્ષણાકૃતિ પોતાનામાંથી જ નવું રૂપ ધારણ કરતી ગઈ. સુઝાન લેંગર સાહિત્ય સ્વરૂપ વિશે લખે છે.

૫૪. " All artistic conventions are devices for creating forms that express some idea of vitolity or emotion Any element in a work of art may contribute the illusory dimention in which such forms are presented or to their appearance their harmonistion, their organic unity and clarity It may serve many such aims of once, every thing, all artistic is functional."

પરિવર્તનના સંદર્ભમાં રા. વિ. પાઠક કહે છે. " માણસનું શરીર બદલાતાં તેમ તેને પહેરવાનાં કપડાંનો આકાર, તેનાં માપ વગેરે બદલવા પડે છે. તેમ સાહિત્યકારનો અનુભવ બદલાય છે તેમ તે પ્રમાણે તે અનુભવને પોતાનો વિકાસ કર્યો તેમ તેમ કાવ્યનાં બાહ્યાંગો, તેની ભાષા, છંદ, પ્રાસ, અલંકાર રીતિ બદલાતાં ગયાં છે.

બદલાતા સાહિત્ય સ્વરૂપોમાં કાવ્યસાહિત્યમાં, પાશ્ચાત્ય વિવેચનના સ્વરૂપોને અનુસરી આપણા ઊર્મિકાવ્યો અર્વાચીન ગુજરાતી કવિતાક્ષેત્રે વિકસ્યાં. ઊર્મિકાવ્યનાં વર્ગીકરણ, વિભાજનમાં ડોલરરાય માંકડ અને બ. ક. ઠા. એ કરેલું વિભાજન સવિશેષ સ્વીકારાયું છે. રા. વિ. પાઠક ઊર્મિકવિતાના બે ભાગ પાડે છે, વર્ણનાત્મક ઊર્મિકાવ્યો અને નાટ્યાત્મક ઊર્મિકાવ્ય પણ વિશિષ્ટો વિચાર સમજાવતાં બ.ક.ઠા. એ ઊર્મિકાવ્યોના બે વિભાગો જુદા નામથી સૂચવ્યા છે. દૃશ્યકાવ્યો (નાટકો) અને શ્રાવ્ય કાવ્યો. શ્રાવ્ય કાવ્યોને વળી પાછા બીજા બે વિભાગોમાં વિભાગે છે. narrative વર્ણનાત્મક કવિતા અને ઊર્મિકવિતા lyric એમાં થોડાક

kalpana's

ઊર્મિવત્ કાવ્યાભાગને મુકાબલે ગાણી કવિતા ઊર્મિમય હોય એવી સ્પષ્ટ અપેક્ષા જણાવી છે. ઠાકોરની વર્ણનાત્મક કવિતા તેજ પાઠકસાહેબની લક્ષી કવિતા છે. બ.ક.ઠા. વિષયને અનુલક્ષીને ઊર્મિકવિતાના પાંચ પેટા પ્રકાર પાડે છે.

૧. ગ્લાનિથી વિરહ લગીનાં કરુણાપ્રધાન લિરિકો (આમાં તેઓ શોક-નીગળની ઊર્મિઓનાં ગીત, મુક્તક, એપિટાફ, (સ્મારક લેખ) વિરહ-વિલાપ ટૂંકા, વિરહકાવ્ય લાંબા અને વિષાદોદ્ગાર - એલિજી વગેરેનો સમાવેશ કરે છે.

૨. વૈરાગ્ય મિશ્ર, શાંતિની ઊર્મિઓનાં લિરિકો (આમાં તેઓ ઉર્જ - સજિયા, મરશિયા, સંસારનિંદા, વિધિ, ઉપાલંભ, એટલે કે દૈવની અવળાઈ અશાન્ત અને વિરાગી પણ ઉપરામ પ્રધાન કાવ્યોનો સમાવેશ કરે છે.

૩. જખમખરક વગેરેની અશાંતિમાંથી શાંતિ વ્દારા સુખાનુભાવનાં લિરિકો (આમાં જીવન, કુદરત, સ્વપ્ન, કર્તવ્ય, સાથીઓ પ્રિતિ રતિ, સ્ત્રી-પુરુષ પ્રેમ, માતૃપ્રેમ, ગુરૂશિષ્ય પ્રેમ, બંધુ અને સાથી પ્રેમ આદિના આનંદી લિરિકોનો સમાવેશ કરે છે.

૪. ઉત્સાહ, ભક્તિ, પ્રજ્ઞા, અગમનિગમનાં લિરિકો.

૫. ન્યારા પેંડાં (આમાં તેઓ અગ્રચાર પ્રકારોમાં ન ગોઠવાતાં હોય તે પ્રકારનાં લિરિકોનો સમાવેશ કરે છે.

ડોલરરાય માંકડે કરેલું વિભાજન ત્રણપ્રકારોમાં મહાકાવ્ય, ખંડકાવ્ય અને લઘુકાવ્યમાં વહેંચાયેલું છે. પશ્ચિમના ખ્યાલાનુસાર આત્મલક્ષી અને પાત્રલક્ષી કે પરલક્ષી પ્રકાર પણ 'લઘુકાવ્યમાં' આવે. આ ત્રણ પ્રકારો માંકડની દૃષ્ટિએ રસધ્વનિ, વસ્તુધ્વનિ કે અલંકારધ્વનિની સંજ્ઞાથી ઓળખાય છે. તો બ. ક. ઠા. તેને હૃદયનો ઉછાળો વિવેક તુષ્ટિનું કડક સામ્રાજ્ય અને કલ્પનાનું તેજ કહે છે, તો પાઠક સાહેબ ઊર્મિ, વિચાર અને કલ્પના શબ્દો પ્રયોજે છે. આ વિભાજન ભારતીય સંસ્કૃતિને આધારે થયું હોવાથી તેને પ્રકારાંતરે અનુમોદન

મળતી રહ્યાં છે. પાલગ્રેવ ઊર્મિકવિતા માટે આ ત્રણે તત્ત્વોને જરૂરી ગણે છે.

૫૫. "Lyric has been held essentially to imply that each poem shall turn on some single thought, feeling or situation."

ઠાકોર ત્રણેય તત્ત્વોનું મહત્ત્વ જણાવતાં કહે "ઊર્મિ, કલ્પન અને બુદ્ધિ ત્રણેયનાં ઉત્તમ સંયોગ(ની કવિતા માટે આવશ્યકતા છે."

એક તરફ સ્વરૂપલક્ષી વિકાસની વિભાવના પ્રમાણે બ.ક.ઠા.એ કરેલા વિભાજન પ્રમાણે વ્યક્તિમૂલક કવિતા, આત્મલક્ષી કવિતા અને વિષાદકાવ્ય સુધી ઊર્મિકવિતાને મૂલ્ય આપી તો એવી બીજી વિચારસરણી પણ અહીં ઉલ્લેખનીય લાગે છે. ઐતિહાસિક અભ્યાસ માટે વોરેન અને વેલેક વિવેચન અને મૂલ્યાંકન માટે પ્રકારવાદને પણ સ્વીકારે છે. પ્રકારનિષ્ઠ વિવેચન બે પ્રકારોમાં છે. અનુરોમેન્ટિક સાહિત્યના સ્વભાવ-વિશેષને કારણે વિશેષ કે વ્યક્તિ પર ભાર મૂકતા સાહિત્ય પ્રકારની ખ્યાતી વધી વ્યક્તિ પર ભાર મૂકતો હોય તેવાં કેટલાંક સાહિત્યસ્વરૂપો, પ્રકારો પણ વિકસ્યાં.

આ વિચારસરણી પ્રમાણે પણ સંબોધનકવિતા, સ્ટ્રોફે અને એન્ટી સ્ટ્રોફેના પ્રકારની ઓડ કવિતા, બાઇબલ (ગોપ-કવિતાકે જૂ-રાજિયા, વિલાપ- કાવ્યો, વિરહોર્મિકાવ્યો સુધી વિકાસ થયેલો જણાવ્યો છે. અહીં જણાવેલો [illegible] સેપીટાફ, વિલાપકાવ્ય, રાજિયા, સંબોધન, જેવા બધા પ્રકારોમાં મૃત્યુનો પ્રસંગ, વિલાપ શોકની વાત એવા કોઇને કોઇ પ્રકારે વણાયેલું સામ્ય છે. આ સર્વ પ્રકારોમાં [illegible] વિરહોર્મિકવિતા વિશે પ્રો. ઠાકોરે થોડી વિશદ ચર્ચા કરી છે. તેના બે વિભાગો છે. (૧) દીર્ઘ વિરહોર્મિકવિતા- તેમાં કરુણ પ્રશસ્તિ ગાવી શકે. (૨) લઘુવિરહોર્મિકવિતા- આ ટૂંકા વિરહોર્મિકાવ્યોમાં વિરહ અને વિષાદનું તત્વ હોય છે. લઘુવિરહોર્મિકવિતા, જેમાં વિષાદ મુખ્યત્વે પ્રગટ થતો છે. તેને માટે આપણે 'વિષાદ કાવ્ય' પર્યાય યોગ્ય ગણી શકીયે.

આ વિષાદ બે સ્વરૂપે હોઇ શકે, ફરી મિલનની શક્યતા હોય એવા અનિશ્ચિત સમયના ગાળા દરમિયાનના વિયોગની કવિતા, અને મૃત્યુ-જન્ય શોકની દીર્ઘકાલીન વિયોગ અને વિષાદની કવિતા, આ બીજા વર્ગમાં આવતાં વિરહોર્મિ ટૂંકા વિષાદકાવ્યોના જેવા લાગતા શોકોર્મિકાવ્યો અને શોકાંજલિઓ પણ 'ટૂંકા - વિરહોર્મિ - વિષાદ કાવ્યો' ની વર્ગની કવિતા કહી શકાય.

kalpana's

વિભાગ - ૨.

ઊર્મિકવિતાના અનેક સ્થાપિત પ્રકારોમાંનો એક પ્રકાર લઘુવિરહોર્મિકવિતા પણ છે. પ્રમાણમાં સ્વરૂપે લઘુ જણાતા આ કાવ્યપ્રકારમાં વિરહની ઊર્મિનું પ્રાધાન્ય મનાય છે. અંજલિમાં પણ વિરહ જોવા મળે છે પરંતુ શોકાંજલિમાં તેની માત્રા અને તાસીર કંઈક જુદી હોય છે. મૃત્યુના પ્રસંગે લખાયેલ કૃતિ હોવાથી તેનાં વાસ્તવિકતા, અસરકારકતા અને સમસંવેદનની ક્ષમતા સવિશેષ હોઈ શકે એ રીતે તપાસતાં વિરહ અંજલિ, શોકાંજલિ અને લઘુવિરહોર્મિકવિતાનું સમાનતા ધરાવતું તત્વ છે. એટલે સ્વાભાવિક જિજ્ઞાસા જાગે કે લઘુવિરહોર્મિકવિતાના બીજાં કયાં તત્વો સાથે શોકાંજલિ અને અંજલિકવિતા સામ્ય ધરાવે છે અને કયાંથી તે લઘુવિરહોર્મિથી જૂદી પડી જાય છે પ્રકારાંતરે એમ પણ કહી શકાય કે લઘુવિરહોર્મિકવિતા તરીકે શોકાંજલિ અને અંજલિકવિતાઓમાં કયાં કયાં તત્વો હોવા જોઈએ ? બન્નેનાં સ્વરૂપનાં સમાનતત્વો કયાં હોઈ શકે અને ભેદરેખા કંઈ છે ? શોકાંજલિના કલાસ્વરુપ તરીકે કાવ્યના આધારરૂપ શોક, વિરહ અને અંજલિનું તે કાવ્યમાં શું સ્થાન છે? એ વિચાર, શોકાંજલિની ઊડતી ચર્ચામાં અસ્થાને નથી. અંજલિના વિવિધ પ્રકારોમાં શોકાંજલિ જો સવિશેષ હોય તો અન્ય અંજલિકાવ્યો સાથે શોકાંજલિ તરીકે તેની શી વિશેષતા છે ? કંઈ સમાનતાઓ છે તેની શોધ થવી જ જોઈએ.

'શોકાંજલિ' નામનિર્દેશ સાથે જ સમજી શકાય કે અંતરમાં જાગેલું અભાવ કે વ્યક્તિત્વના પ્રભાવની ઘેરી અસર અંજલિને આકાર આપે છે. શોકાંજલિની સાથે અંજલિના અન્ય પ્રકારોમાં પણ અંજલિ સર્વસામાન્ય રીતે જોવા મળે છે. અને એવા બધાં જ અંજલિ કાવ્યોમાં અંજલિ અનિવાર્ય હોય તો શોકની, વિરહની અને અંજલિની કંઈ વિશેષયુક્ત કાવ્યો શોકાંજલિનું ગૌરવ અપાવે છે. એવી મુદ્રાની પ્રતીતિ શોકાંજલિ માટે અસ્થાને નથી. શોકાંજલિના વ્યક્તિવિશેષનો કવિ સાથેનો નીજી સંબંધ, કાવ્યમાં પસંદ કરાયેલો ઉપક્રમ અને પાત્રગત વિષયસામગ્રી સાથે સધાતા અને બંધાતા સેતુનું

Kalpana's

સ્વરૂપ વ્યક્તિ વિશેષનું વ્યક્તિત્વ, અંજલિની સવિશેષ મુદ્રા, જેવાં વિવિધ તત્વોનો શોકાંજલિને કલાસ્વરૂપ આપવામાં કેવો ફાળો છે તે રસનો વિષય બની જાય છે.

વૈશ્વિક ઘટના ગણાતા મૃત્યુની અનુભૂતિ સર્વદેશીય છે. વિશ્વસાહિત્યની સાથે સાથે ગુજરાતી સાહિત્યમાં પણ મૃત્યુ અનેક રીતેરૂપે આલેખાયું છે. ગુજરાતી કાવ્યસાહિત્યમાં પણ અનેક કાવ્ય પ્રકારોમાંથી ખાસ કરીને સંબોધન કવિતા અને મૃત્યુ વિષયક કવિતા અથવા મરણ નિમિત્તક કવિતાને એ હેતુથી શોકાંજલિના સંદર્ભમાં વિચારવી જોઈએ. ત્રણેય કાવ્યસ્વરૂપોમાં નિશ્ચિત વ્યક્તિવિશેષ, અને નિશ્ચિત પ્રસંગનો સંદર્ભ હોય છે. ત્રણેય કાવ્યરૂપો ક્યાં સુધી સમાન લક્ષણો સાથે જોઈ શકાય અને શોકાંજલિ ક્યાંથી પોતાનો આગવો વળાંક લે છે તેના અભ્યાસ પછી 'દીર્ઘવિરહોર્મિકવિતા' બીજા વર્ગનું પ્રતિનિધિત્વ કરતું કાવ્યસ્વરૂપ હોવાં છતાં લઘુવિરહોર્મિકવિતા અને શોકાંજલિ સાથેનું તેનું સામ્યવૈષમ્ય જાણવાની ઉત્કંઠા જાગે. દીર્ઘવિરહોર્મિકવિતા અંતર્ગત 'કરૂણ પ્રશસ્તિ - મરણ નિમિત્તક કવિતા' વિશ્વસાહિત્યમાં મોખરે છે. તેમાં પણ વ્યક્તિ વિશેષ, નીજીસંબંધ, અભાવ-પ્રભાવ અને મૃત્યુજન્ય શોક વિરહ આલેખાયેલાં હોય છે. ઉર્મિકવિતા અંતર્ગત એ રીતે લઘુવિરહોર્મિકવિતામાં શોકાંજલિના કલા-સ્વરૂપનો વિચાર અસ્થાને નથી. આ ઉપરાંત કોઈ ને કોઈ ચોકકસ સામ્ય ધરાવતા બીજા કાવ્યરૂપો જેવાં કે મરશિયા, ડર્જીસ, સાઈડિલ, રાજિયા, એપીટાફ, ઓડ અને મોર્નીંગ (morning poem) કવિતાઓને વિષાદ કાવ્યો જોવાં ઘટે.

વિવિધ કાવ્યસ્વરૂપો સાથેના તુલનાથી શોકાંજલિના નિશ્ચિત ઘટકો, ઉપક્રમ, અનુક્રમ, વિકાસના એંધાણ મળી શકે. કૃતિને શોકાંજલિનું કલાસ્વરૂપ બક્ષનારાં અનિવાર્ય તત્વો આ અભ્યાસમાંથી તરી આવે તો તે લક્ષણો કે તત્વોને આધારે શોકાંજલિનું નિશ્ચિત કલાસ્વરૂપ આકારી શકાય સામાન્યતઃ અન્યઅંજલિ કાવ્યો અને શોકાંજલિમાં દેખાઈ આવતાં મૃત્યુ વ્યક્તિવિશેષનો પ્રભાવ કે વ્યક્તિત્વ જેવાં વિવિધ આલેખનોમાંથી શોકાંજલિમાં કાવ્યત્વ,

Kalpana's

રચનાવૈશિષ્ઠ્ય, વિશે કોઈ આશ્ચર્ય અથવા ચમત્કૃતિજન્ય કૌશલ્ય મળે તો તેનાથી
કૃતિના આસ્વાદમાં વર્તાતી તાજગી પામી શકાય. કલાસ્વરૂપના લક્ષણ
તરીકે આવાં તત્વો નોંધપાત્ર ગણી શકાય.

સ્વજનો અને જાહેર વ્યક્તિઓ, મહાપુરુષો અને કુટુંબીજનો એવાં અનેક
પ્રકારે લખાયેલી શોકાંજલિઓમાં, કંઈ શોકાંજલિમાં શોક અને અંજલિ વિશે
કલાસ્વરૂપનું સવિશેષ નોખાપણું જોવા મળે છે તે વિવિધ શોકાંજલિ અને અંજલિ
કવિતાના અભ્યાસનો આશય ગણી શકાય વિવિધ શોકાંજલિના અભ્યાસથી તેમની
વચ્ચેના દરજ્જાની ઉચ્ચાવચતા દ્વારા ઉત્તમ શોકાંજલિની શોધ શક્ય બને તો
નવાઈ નહીં. વ્યક્તિ પછી તેના મૃત્યુના ઉલ્લેખની સાથે વિષયવસ્તુના
નિરૂપણમાં વિરહની ભૂમિકામાંથી શોકની પ્રાપ્તિનો અનુક્રમ કાવ્યમાં વિકસે
તે સર્વના પાયામાં 'સ્વજનનો સંદર્ભ' મુખ્ય છે. વ્યક્તિવિશેષના વ્યક્તિત્વના,
વિરહ વહેવડાવનારા પાસામાંથી દ્રવતો શોક કાવ્યને ઉત્તમ કે સર્વોત્તમ
શોકાંજલિ બનાવવા કેટલો યશભાગી થાય છે એવો ખ્યાલ વિવિધ શોકાંજલિ
કાવ્યોને તપાસતાં સતત મનમાં રહે એ ઉચિત છે. આ મુખ્ય દૃષ્ટિકોણની
સાથે સાથે સમાજના સ્થાપિત સંબંધો, તેના આદર્શરૂપો, એવા સંબંધના આદર્શ
ઉદાહરણો, આદર્શ પાત્રોના સ્વભાવનાં લક્ષણો આદર્શ પાત્રાલેખનો પાત્રોની
સમાજાભિમુખતા, સેવાકાર્યો, ઋણસ્વીકાર, આદિનો અભ્યાસ પણ સુલભ બને.

શોકાંજલિ અર્થાત્ શોકોર્મિકવિતાના મુખ્ય ઘટકોમાં સ્વજનનિર્દેશ,
સંબંધનિર્દેશ, આત્મીયભાવ, વ્યક્તિવિશેષનો પ્રભાવ-અભાવ, મૃત્યુનો ઉલ્લેખ,
પાત્રવર્ણન, મૃત્યુ વિષયક વર્ણન, વિરહ, સંયમ, ચિંતન, અંજલિનો ભાવ,
કવિચિત્તે સ્ફુરેલું સમાધાન એવો ક્રમ ઉપર ટપકે વિચારીએ તો પણ અન્ય
કાવ્યાંગો સાથે તેની અભિવ્યક્તિની અસરકારકતા અને આલેખનની ખૂબીઓ
શોધવી ગમે તેવો અભિગમ અપનાવવાનો પ્રયત્ન કરવો ગમે.

અગાઉ જણાવ્યા પ્રમાણે મૃત્યુની વૈશ્વિક ઘટના જ શોકાંજલિની પણ
મુખ્ય ઘટના છે. પણ કવિએ પસંદ કરેલું પાત્ર કે વ્યક્તિ કદાચ વૈશ્વિક પ્રતિભા
ના પણ ધરાવતું હોય કારણ કે શોક માટે આત્મીયતા અને આત્મીયતા માટે

kalpana's

સ્વજનનો સંબંધ સ્વાભાવિક ગણાયો છે. અને કદાચ વિશ્વવંદ્ય હોય તે સ્વજન ના પણ હોય આવા સંદર્ભમાં રચાયેલી શોકાંજલિ પાસે આપણી 'કલાની કૃતિ' તરીકે કંઈ કંઈ અનિવાર્ય અપેક્ષાઓ હોવી ઘટે ? વિશ્વફલકને આવરી લેતી વૈશ્વિક મૃત્યુની ઘટના કાવ્યમાં કેટલી વૈશ્વિક અને કેટલી અંગત બની રહે છે એ જોયા પછી, મૃત્યુ જો શોકનું પ્રવેશદ્વાર માની લઈએ તો મૃત્યુની ઘટના ખૂબ મહત્વનો વિષય બની જાય છે. સમગ્ર કાવ્ય પ્રદેશની સહેલગાર કરાવવા માટે મૃત્યુને કવિ કાવ્યમાં કેટલો ઊંચો, અદકો દરજ્જો કએ રૂપે આપે છે તે અભ્યાસનો રસપ્રદ મુદ્દો બની જાય છે. કારણ કે તેમાંથી જ વૈશ્વિક અનુભૂતિનો રણકો જીવંત થઈ શકે, કૃતિ તે દ્વારા પણ કલાકૃતિ તરફ વળી શકે. શોકાંજલિના ભાવજગતને રચવા માટે મારું માનવું છે કે, વ્યક્તિ કરતાં વ્યક્તિના મૃત્યુની અસર અને અભિવ્યક્તિ વધારે મહત્વનાં બની પણ જાય. કલાસ્વરૂપ બક્ષાવામાં મૃત્યુના આલેખનની કાબેલિયતનો ફાળો નાનો સૂનો નથી. મૃત્યુનું આલેખન તેની નોંધ, તેનો ઉલ્લેખ એ બીજ છે કે જેમાંથી શોકાંજલિની કલાત્મકતા અને સિધ્ધિનાં ફળના સંકેત મળી શકે. અંજલિ કે શોકાંજલિના આસ્વાદનું પ્રથમ સોપાન મૃત્યુનો ઉલ્લેખ કે સંદર્ભ છે. આ તો કલાસ્વરૂપ અને કાવ્યસ્વરૂપની દૃષ્ટિએ વાત થઈ. પણ તેના દ્વારા જ કૌટુંબિક પરિવેશ, વિવિધ રીતરસમો ધર્મ, સમાજ, માન્યતાઓ, મૃત્યુના અનુસંધાનમાં જાતેજાતે દેખાઈ આવતી વિધિ, નિબંધ, રીવાજો, ભાવનાઓ, પૂર્વજન્મ, કર્મનો સિધ્ધાંત જેવાં વિવિધ ચિંતનો, વગેરેની કાવ્યે કાવ્યે પ્રાપ્ત થતી નૂતનતાઓ અને તેની સાથેજ તેને સંલગ્ન મૃત્યુવિષયક સ્વરૂપ વૈવિધ્ય, વિષય વૈવિધ્ય, મૃત્યુની ભવ્યતા, દીવ્યતા, નોખાપણું, આપણને કલાત્મક અભિવ્યક્તિ તરફદોરી જાય છે. આ સર્વમાંથી સાહિત્યમાં સ્વીકારાયેલા અભિગમોની દિશામાં મૃત્યુનાં મૌલિક સપેક્ષિત અર્થઘટનો, અભિગમો, દૃષ્ટિકોણ અને તેના કલાસ્વરૂપ રચવામાં તેમનો ફાળો, જેવાં વિવિધ મુદ્દાઓ વિચારી શકાય.

આત્મીયતાની ઘરી પર મંથન અને ચિંતનની વચ્ચે મૃત્યુ પીસાય અને તેમાંથી સમાધાન ઝરે અને કૃતિની સ્થૂળતામાંથી કલાત્મકતા ઉઘડે એમાં મંથન ચિંતનનો મહત્વનો ફાળો છે. ભાવમાં ગળાબૂડ ડૂબાડી દેનારો, વિરહ

વિષાદ , અભાવ કે કલ્પાંત અને સ્મરણયાત્રાના સમુદ્રમંથનમાંથી મળતું ચિંતન ખરેખર શોકાંજલિની સિધ્ધિ ગણી શકાય. ખૂબ ઉંચી બુધ્ધિમત્તા અને ક્ષમતાની કસોટી ચિંતન વ્દારા શોકાંજલિમાં પ્રાપ્ત થઈ શકે . એ સંભાવના અસ્થાને નથી. ચિંતનમાં માનસિક વ્યાપારો અને લાગણીના વ્યાપારો, એમ બે પ્રવાહો મળી આવે છે. એમાંથી લાગણીમાંથી બુધ્ધિને વરેલું ચિંતન ઉત્તમ સમાધાન આપે છે. એ દૃષ્ટિએ મંથન અને ચિંતન કવિતાને ઊંચો મોભો આપે છે. ચિંતન એ રીતે શોકાંજલિનું સાચું હીર છે. અને મંથન મૂડી છે. પોતાના ભાવ કે વિચારોને આકાર આપવા માટે કવિ ઉચિત ઉપકરણો, પ્રયુકિતઓના વિનિયોજન કવિતામાં કરે અને વિચારોને સુરેખતા, તાદૃશતા, જીવંતપણું, અને અનુભવજન્ય માત્રાઓ તેમાં ઉતારે તો કવિતા ઘડીભર જીવી જવાય. કાવ્યના આસ્વાદમાં આ ચિંતન આપણને સ્થૂળજગતથી છેડા પાડી કાવ્યમય કરી દેતો જાણવું કે ઉત્તમ ચિંતન કાવ્યનો શણગાર બની ગયો છે. એ માટે ચિંતન પરંપરાગત છે કે મૌલિક છે વ્યકિતગત-પ્રાસંગિક છે કે વૈશ્વિક અને શાશ્વત્ છે ? ડાળ પરથી પક્ષી ઉડયા પછી જમીનનો આધાર લઈ સ્વતંત્ર રીતે આકાશમાં વિહરે છે, તેમ મૃત્યુની ડાળેથી ચિંતન વિહરવું જોઈએ. તેમાં કવિસૂઝ, કલાકસબ, વિનિયોજનની સૂઝ, ઉપકરણોથી સર્જાતી ભાવસૃષ્ટિ, વગેરે અસરકર્તા પરિબળો છે. જો કાવ્યમાંથી ચિંતન ઘડીભર કાઢી લેતાં, કાવ્યના પોતમાં, ભાવજગતમાં આસ્વાદમાં ખાલીપો વર્તાય. તો તેવું ચિંતન વ્દારા કૃતિ કલાત્મકતા તરફ વળી શકે. આવા ચિંતનના વૈવિધ્યો આલેખનની ઉચ્ચતા અને ઉત્તમ ચિંતનોનું શોકાંજલિમાં સ્થાન વિચારવા યોગ્ય છે.

શોકની અભિવ્યકિત શોકાંજલિનો પ્રાણ કહી શકાય. શોકાંજલિ તરીકેની કૃતિને મોભો આપાવનાર તત્વજ શોક છે. એ દૃષ્ટિએ ઊર્મિકાવ્ય તરીકે શોકાંજલિમાં શોકોર્મિનું જ પ્રાધાન્ય અનિવાર્ય છે. શોક અને અંજલિનો જયાં સમન્વય થાય છે તેવી કૃતિનું નામ શોકાંજલિ યથાર્થ લાગે. આ શોક કયા સ્થાયીભાવો, વિભાવો, સંચારીભાવોમાંથી વિકસે છે

kalpana's

તે અભ્યાસનું આકર્ષણ બની જાય છે. શોકાંજલિની કવિતાનો પ્રદેશ, શોકનો વિસ્તાર અને વિહારની સરહદો સુધી વિસ્તરેલો હોઈ શકે. આ શોકોર્મિના પ્રાધાન્યને કારણે જ શોકાંજલિને આપણે વિરહોર્મિની જેમ શોકોર્મિ-કવિતા તરીકે ઓળખાતી ભાવની સ્પષ્ટતા સુધી જઈ શકીએ. શોકનું કાવ્યમાં સ્થાન આપણે બે કે ત્રણ રીતે સ્થાપી શકીએ. ધીરોદાત્ત જેવા ઉત્તમ પાત્રના સંદર્ભમાંથી શોકનો ઉદ્ભવ, કવિહૃદયમાં વ્યંજિત શોકની માત્રામેજ વાચકના હૃદયમાં અનુભૂતિની દૃષ્ટિએ, સર્જક ભાવકની સંવેદનની સમતામાં, શોકની સર્વોત્તમ તાસીરની, વૈશ્વિક કક્ષાની અનુભૂતિની ઝાંકી આસ્વાદ અને કલા-સ્વરૂપની દૃષ્ટિએ, આ ત્રણ પ્રકારે શોકને સમજ્યો રહ્યો. આ ઉપરાંત શોકોર્મિનું આલેખન, તેની વિવિધતા, તેની રૂપરમણા, ભાવજગતનું સર્જન, મુક્તિ, પ્રયુક્તિ, વિવિધ ઉપકરણોથી બદલાતા શોકના રૂપરંગ, અને શોકાંજલિની સર્જાતી ભાવસૃષ્ટિ, શોકાંજલિમાં શોકની ભાવાભિવ્યક્તિ, માટે વિભાવાનુભાવ, સંચારીભાવ, અને અન્ય તત્વોનાં વિનિયોજનનું સ્થાન મરણનિમિત્તક અન્ય કાવ્યપ્રકારોનાં આલેખિત શોકની તુલનાએ શોકાંજલિમાં શોકનું આલેખન અને વિવિધ સંદર્ભ, સંબંધ પર પ્રકાશ પાડતી શોકાંજલિ જેમ કે ભગિનીપ્રેમ, ભ્રાતૃપ્રેમ, દાંપત્યપ્રેમ, મૈત્રીકાવ્યો, આદરણીય મહાનુભાવના કાવ્યો, વગેરે વિવિધપ્રકાર અને સ્તરની કવિતામાં શોકના આલેખનની ઉચ્ચવચતા આવા કેટલાક મુદ્દાઓને ધ્યાનમાં રાખી શોકની અભિવ્યક્તિનો શોકાંજલિના કલા સ્વરૂપમાં શું ફાળો હોઈ શકે તે અંગે વિચાર કરી શકાય.

શાસ્ત્રોક્ત દૃષ્ટિએ શોકનું આદર્શ સ્વરૂપ અને તેની અભિવ્યક્તિની સર્વોત્તમ સ્થિતિનો વિચાર લેવા બે માપદંડને આધારે શોકાંજલિમાં આવતા શોકની અભિવ્યક્તિને મૂલવી શકાય શોકાંજલિના સંદર્ભમાં, માત્ર શોકના ભાવનું આલેખન કરતી કવિતા અને અન્યભાવને આધારે રચાતી શોકની ભાવસૃષ્ટિમાં અને તેમનાં રસાસ્વાદમાં કઈ કૃતિ કેવી રીતે ચડીયાતી એ મુદ્દો શોકાંજલિના અભ્યાસનો રસપ્રદ મુદ્દો ગણી શકાય. શોકાંજલિમાં માત્ર શોક ભાવસ્થિતિમાં આવી અટકી જાય છે કે રસનિષ્પત્તિમાં તે સક્રિય રૂપે

ભાગ ભજવે છે. એવા અનેક મુદ્દાઓ શોકાંજલિના અભ્યાસમાં આવી શકે. એ તો વિદિત જ છે કે માનવમન કેંજ ભાવોની સ્થિતિમાં, તેની અસલિયત સાથે સાહજિકરૂપે, સ્વભાવિકરીતે આપોઆપ ઊઠે છે. શૃંગાર અને શોક તો ઊપડતા આની અનુભૂતિથી ભાવવિશ્વમાં શોક કેવા રંગોનું મેઘધનુષ રચે છે, આ સર્વના સારરૂપ શોકાંજલિને કલાત્મકતા બક્ષવામાં આ પ્રયાસો અને અભિવ્યક્તિનો કેવો સહયોગ છે તેનું શોકાંજલિના કલાસ્વરૂપના લક્ષણના વિચાર સમયે સ્મરણ ઉચિત લેખાશે.

શોકની અભિવ્યક્તિ, શોકાંજલિના મહત્વના લક્ષણરૂપ ગણાય પણ શોકાંજલિને કરુણની નિષ્પત્તિ મળે તો શોકાંજલિને પૂર્ણતા મળે કૃતિને શોક, શોકાંજલિનો આકાર આપે, પણ કરુણનો પ્રાણ તેને પૂર્ણતા બક્ષે એમ પણ કહી શકાય કે શોક દ્વારા શોકાંજલિને જાણી શકાય પણ કરુણ દ્વારા શોકાંજલિને માણી શકાય કરુણરસ શોકાંજલિનું ઉન્નત શિખર છે. કરુણની રસનિષ્પત્તિ વિશે રસમીમાંસામાં વિશદ્ચર્ચા છે ત્યારે સહજ પ્રશ્ન થાય કે રસનિષ્પત્તિ થાય કેવી રીતે ? અતિ સંક્ષિપ્તમાં વ્યક્તિ વિશેષની આત્મીયતાથી કવિચિત્તમાં જે શોક ઉત્પન્ન થાય તેમાંથી જ વાચકના મનમાં કરુણની નિષ્પતિ થતી હોય છે શોક અને કરુણની માત્રમાં અનુક્રમે સર્જકઅને ભાવકમાં માત્રાભેદ ન હોવો જોઇએ. કવિનો શોક અને ભાવક કે અનુભવેલો કરુણ રસ સમાન હોવું જોઇએ. ઊંચી કક્ષાના કરુણની પ્રાપ્તિ માટે સઘન શોક જરૂરી છે. શોકાંજલિના કલાસ્વરૂપના વિચારમાં શોક અને કરુણની આ, આદર્શ સ્થિતિની અનિવાર્યતા વર્તાવી જોઇએ. એક જ મુદ્દો વિચાર માંગી લે તેવો છે. કે શોક ગમે તે વિભાવ, સંચારી ભાવ કે ઉદ્દીપન ભાવમાંથી અનુભાવોમાંથી સઘન બનતો હોય પણ તેનામાં તે ઉત્તમ કરુણ નિષ્પન્ન કરવા માટે સક્ષમ હોય. શોકાંજલિનું એક કાર્ય અથવા એક સિધ્ધિ કરુણ નિષ્પત્તિના છે બધા રસોમાં જેમ કરુણનું વિશેષ મહત્વ છે,

તેમ શોકાંજલિમાં શોકની સાથે કરુણનિષ્પત્તિનું સવિશેષ મહત્વછે.

શોકમાંથી કરુણની નિષ્પત્તિ બે પ્રકારે થઇ શકે. શોકમાંથી સીધી

સ્વતંત્રરીતે કરુણ નિષ્પત્તિ અને બીજી રીતે અન્ય રસમાંથી સંક્રાંત થઈને કરુણતાં ઢળે. રસનિષ્પત્તિ અને રસસંક્રાંતિ , બન્ને પ્રક્રિયા શોકાંજલિમાં સંભવિત છે. માટે રસપ્રદ મુદ્દો એ ઉદ્‌ભવે છે કે શોકાંજલિના કલાસ્વરૂપમાં રસનિષ્પત્તિનો ફાળો ઉત્તમ ગણવો કે રસસંક્રાંતિનો ફાળો સવિશેષ ગણવો ? પ્રકારાંતરે એમ કહી શકાય કે શોકાંજલિને કલાસ્વરૂપ બક્ષવાની ક્ષમતા રસનિષ્પત્તિમાં કે રસસંક્રાંતિમાં છે ? કારણ કે જ્યાં કૌટુંબિક ભાવ અને સંબંધોમાંથી આત્મીયતા પર આધારિત શોક મળે છે ત્યાં સંક્રાંતિને બદલે નિષ્પત્તિ સહજ રીતે થાય છે. પણ જ્યાં અન્ય ક્ષેત્રોમાંથી વ્યક્તિવિશેષ ને અંજલિ અપાતી હોય ત્યારે અન્ય રસમાંથી કરુણની સંક્રાંતિ જોવા મળે છે. આમ રસનિષ્પત્તિ અને રસસંક્રાંતિની અલગ ભૂમિકાઓ છે. રસનિષ્પત્તિ કે રસસંક્રાંતિ, બેમાંથી ગમે તે રૂપે શોકાંજલિમાં કરુણની નિષ્પત્તિ થાય ત્યારે એકજ મુદ્દો મહત્વનો બને છે કે ઉત્તમ પાત્રમાંથી ઉત્તમ શોક અને ઉત્તમ શોકમાંથી ઉત્તમ કરુણની અદ્‌ભુત અનુભૂતિ કરાવી દે અને એ અનુભૂતિ વૈશ્વિક ફલક પર વિસ્તરવા પણ તેટલી જ સક્ષમ હોય. વૈશ્વિક ફલક માટે ભાવ અને રસના આલેખનના કલાસૂઝ, વિનિયોજનનું કૌશલ, અને કલાસ્વરૂપને આકાર આપવા માટે પણ મહત્વનાં અંગો તરીકે ઉપસી આવે એમ છે.

શોકાંજલિના કાવ્યપ્રદેશની સીમા સમાધાન પણ હોઈ શકે. મંથન, ચિંતન અને રસનિષ્પત્તિ પછી તીવ્ર શોકનું સમાધાનમાં જ શમન શક્ય છે. ઘણા કાવ્યોમાં શાંતિ સંદેશ, આત્મખોજથી લાધેલું કોઈ નિરાકરણ, મન સાથે કોઈ સમન્વય કે સમાધાન કોઈ સનાતન સત્યોની પ્રાપ્તિ જેવાં અનેક રૂપે શોકનું કરુણ પછી સમાધાન જોવા મળે છે. કવિને લાધેલું જ્ઞાન કે સમાધાન કેટલું પ્રતીતિકર, વાસ્તવિક, સત્યમૂલક, સ્વીકારવા યોગ્ય, મૌલિક છે. તે તપાસીએ તો શોકાંજલિનાં પરંપરાગત અને મૌલિક ચિંતન અને સમાધાનનો વિકાસ જોવા મળે. કરુણપ્રશસ્તિમાં પણ સમાધાન કાવ્યના સ્વરૂપનું અંગભૂત તત્વ છે. એની તુલનાએ શોકાંજલિમાં આલેખાયેલા સમાધાનની સમાનતા જોઈ કરુણપ્રશસ્તિથી કેવી રીતે શી વિવિધતા કે તફાવત દાખવે છે તેનો અભ્યાસ

Kalpana's

શોકાંજલિ માટે, અપેક્ષિત સમાધાનનું માર્ગદર્શક બની રહે .

શોક અને અંજલિની શોકાંજલિમાં અનિવાર્ય ઉપસ્થિતિની સાથે કાવ્યાંતે આકાર પામતી અંજલિનો ઉદ્‌ભવ કે અનુસંધાન શોક સાથે હોય તો અનુચિત નથી. ખરેખર તો શોક અને કરુણમાંથી જ અંજલિનો ભાવ બંધાય તો વધુ કલાત્મક લાગે શોક સાથે, અને કરુણસાથે અંજલિનું કેવું સાતત્ય છે, શોકમાંથી કરુણનું સહજ રૂપાંતર અને તેવા જ કરુણમાંથી અંજલિનો વિકાસ જો કાવ્યમાં મળે તો કાવ્ય કલાત્મક ગુણોને કારણે કલાકૃતિ બની રહે. શોકાંજલિમાં વ્યક્તિ વિશેષ સાથેનો કવિનો સંદર્ભ પાયાની ઈંટ છે તો અંજલિ તેનું ગિરિશિખર કહી શકાય. તેના ઉપર શોકાંજલિની ધ્વજા ફરકે. શોકાંજલિના મુખ્ય બે તત્ત્વોમાંથી એક અંજલિ છે કવિકૃતિમાં અંજલિ માટે કેવો અભિગમ અપનાવે છે, અંજલિમાં કાવ્યકલા શોભાગ ભજવે છે કયાં તત્ત્વોનું ઉત્તમ વિનિયોજન અંજલિનો શણગાર બની જાય છે એવી ચર્ચા પણ અસ્થાને ન ગણી શકાય. મુગટમાં કોતરણી, આકાર, ભાત, ધાતુ અને મણિ યોગ્ય રીતે અને રૂપે મૂકાય તોજ મુગટ શોભે તેમ શોકાંજલિમાં ભાવ, દ્રશ્ય, તાદૃશતા, પ્રયુક્તિ, દ્રષ્ટાંત , થાક, શોક, કરુણ, અંજલિ જેવા વિવિધ તત્ત્વોનો યોગ્ય સમન્વય સધાય તો અંજલિ શોકાંજલિનો શીરમોર બની જાય. આ સંદર્ભમાં કલાસ્વરૂપ માટે, વિવિધ અભિગમ, રૂપો, અર્થોનો ઔચિત્યવિચાર શોકાંજલિની ચર્ચામાં મહત્ત્વનો મુદ્દો બની જાય તેમ છે. શોકાંજલિના વિવિધ ઘટકોનો ક્રમ અને વિકાસ આ રીતે તપાસતાં, પાત્ર-સંદર્ભ-ભાવ-શોક - કરુણ - અંજલિ આદીનો શાખાપ્રશાખા જેવો પરસ્પર સંબંધ છે. એકમાંથી બીજાનો સહજ ઉદ્‌ભવ અને સ્વતંત્ર વિકાસની આ કલાત્મક શોકાંજલિની કલાસ્વરૂપની નીપજ ન ગણી શકાય. પરંતુ વિવિધ રમણીય તત્ત્વોનો આહ્‌લાદ જે વિસ્તારમાં લઈ છે એકાવ્યના પોતના રચનાકૌશલનું મહત્ત્વ ઓછું નથી. વિશ્વવ્યાપી ઘટનાને, મૃત્યુના ભાવને એની એજ તાસીરમાં ટકાવી, પ્રાદેશિક નાનો પાશ લગાવી, પાછી તેને વૈશ્વિક ફલક ઉપર પહોંચાડવી . આ કાર્ય માટે ભાષા કૌશલ,

kalpana's

અભિવ્યકિતની ચાવડત, શૈલી, કવિકસબ, વિનિયોજનની સૂઝ, યુકિત-પ્રયુકિત ઉપકરણો દૃષ્ટાંત, રૂપકો, અલંકારો, જેવાં વિવિધ તત્વો; કવિગુણો અભિવ્યકિતના અંગોની મેળવણીનો વિવેક વગેરે દૃષ્ટિએ વિચારતાં એમ લાગે છે કે કવિને એક તાદૃશ, જીવી જવાય તેવું ભાવજગત ઊભું કરવાનું હોય છે. કવિ કે વાચક તેનો શ્રોતા કે પ્રેક્ષક બની તેનો ધબકાર પોતાના હૃદયમાં ઝીલે, તે આવ્રાએ શોકાંજલિ રચવી હોય તો ખરેખર શોકાંજલિની અભિવ્યકિતની કસોટી બની જાય છે. શોકાંજલિ માત્ર શોકગાન નથી, આશ્વાસન કે પાત્રાલેખન નથી, કે શબ્દચિત્ર પણ નથી. આ બધા તો તેની અભિવ્યકિતના અંશો છે. એશોનું અખંડરૂપ શોકાંજલિની પૂર્તિ અને રચના કૌશલ માટે અનિવાર્ય છે. એમાં પ્રકૃતિ, છંદો, રૂપકો આદી તત્વો રંગપૂરણીના રંગો બની જાય છે. કલાત્મકતા વરે છે તેવા કલાસ્વરૂપમાં રંગ-રૂપનો સમન્વય નવી તૃષ્ટિ રચી જાય છે. આપણે અંજલિના આદર્શ માટેની માત્ર અટકળો જ કરી છે ત્યારે એક વાત સતત મનમાં રહે છે કે કવિ કૃતિ નિમિત્તે જે કંઈ યોજે-પ્રયોજે તે કલાસ્વરૂપની દિશામાં એક નવું ડગલું બની રહેવી જોઈએ. આ વાત પ્રકારાંતરે Art of Presentation ની-

જ તરફેણ કરે છે. એમાં 'અભિવ્યકિતની કલા' મહત્વનો ભાગ ભજવી જાય છે. એક જ વિષય પરની વિવિધ અભિવ્યકિતઓ, અર્થાત્ મૃત્યુના એક જ વિષય પર અનેક શોકાંજલિની તુલનાઓ કયાંક સાચી પડતી લાગશે. એમાં વિવિધ ભાષાકીય ખૂબીઓ, વિવિધ પ્રયોગો, શૈલી અને અભિવ્યકિતની છટાઓ, ભાવાભિવ્યકિતઓ, રસરમણા, ભાવરમણા, વિવિધ પ્રક્રિયાઓ વગેરે કાવ્યમાં પોતને કવિના રચનાકૌશલ્યમાં બજે તાણેવાણે વણે છે. રૂપ, રંગ અને સ્વરૂપની દૃષ્ટિએ આવા તત્વો, અંગો શોકાંજલિને કલાસ્વરૂપ બક્ષી કૃતિને કલાકૃતિનો મોભો આપી દે તો આશ્ચર્ય નહીં.

અનેક કાવ્યપ્રકારો અને કાવ્યસ્વરૂપોમાં શોકાંજલિ સુલભ છે. એમાં કેટલીક ખંડકાવ્ય જેવી કૃતિઓમાં પણ ઘણા કાવ્યાત્મક અંશો આકર્ષક લાગ્યા છે. સાહિત્યકારોએ, વિવેચકોએ અને સંશોધકોએ દીર્ઘવિરહોર્મિ

kalpana's

કવિતાથી લઘુ વિરહોર્મિકવિતા જૂદી પાડી બેની ભેદરેખાને ધ્યાનમાં રાખી ઊર્મિકવિતામાં લાઘવને એક લક્ષણ તરીકે સૌએ સ્વીકાર્યું વળી હાયકુ સુધીના સ્વરૂપોમાં આપણી પાસે જ્યારે અંજલિઓ શોકાંજલિનાં તત્વો લઈને આવે ત્યારે શોકાંજલિમાં ક્યાં સ્વરૂપની કાબેલિયત ઉત્તમ લાગે છે, શોકાંજલિને કયું સ્વરૂપ સર્વાકારે ફાવે છે , ચમત્કૃતિ કે ચોટની દૃષ્ટિએ લાંબાકાવ્યો અને ટૂંકાકાવ્યોમાં શું હાનીકારક નીવડે છે, કવન, ભાવન અને આલેખનની દૃષ્ટિએ કંઈ કૃતિ જૂદી તરી આવે છે, આ બધા કાવ્યપ્રકારોમાં અને કાવ્યસ્વરૂપોમાં લાઘવ ક્યાં અને કેવું પળાય છે. અને તે રીતે શોકાંજલિમાં લાઘવનો મોભો સચવાય છે એવા ઘણા પ્રશ્નોને યોગ્ય આવજત મળે તો લાઘવ, શોકાંજલિનું ગૌરવ વધારનારું તત્વ તરીકે ઉપસી આવે.

લાઘવની જેમ છંદ પણ શોકાંજલિમાં સાથે વણાઈને ચાલનારું તત્વ છે. જૂની રચનાઓમાં જોવા મળતાં શોકનાં ક્રંદન, રુદન, આલાપ, લય, પરથી એમ સ્વાભાવિક લાગે કે મરણનિમિત્તક કવિતામાં ગાન પહેલેથી જ સાથે આવે છે. ઊર્મિકવિતાના સાહિત્ય અને સ્વરૂપના ઈતિહાસને તપાસીએ તો પણ જણાશે કે ગાન ઊર્મિકાવ્યની સાથે સાયુજ્ય ધરાવતું અંગ છે. આ ગાન અને સંગીતનું તત્વ ઊર્મિકાવ્યના એક સ્વરૂપ તરીકે શોકાંજલિમાં કયે સ્વરૂપે મળે છે તે રસપ્રદ વિષય છે. છંદ પણ એક ગાનનું જ માધ્યમ છે. ગાનથી ભરપૂર એવા પ્રાચીન સાહિત્યમાંથી ગાનનો જે પ્રભાવ મધ્યકાલિન સાહિત્યમાં ઉતરી આવ્યો છે તે અર્વાચીન કવિતામાં નષ્ટપ્રાય નથી. બ.ક.ઠા. એ હિમાયત કરી તે પછીના અછાન્દસ્‌પ્રયોગો સુધી ઊર્મિકવિતાની ગેયતા અણનમ રહી છે. અછાન્દસ્‌ની પદરચનામાં પણ લય તો છે જ. છંદની સળંગસૂત્રતાને સ્થાને લયવૈવિધ્ય, આરોહ-અવરોહ જોવા મળે છે. આમ છંદનો પ્રભાવ નામશેષ તો નથી જ . તેથી તે સંદર્ભમાં શોકાંજલિમાં આવતાં વિવિધ છંદ, છંદના પ્રયોગો, લય, ઢાળ, લોકઢાળ, અક્ષરમેળ, લયમેળ, માત્રામેળ, છંદોનું પ્રમાણ અને કાવ્યાત્મકતા કે કલાસ્વરૂપ માટે છંદકૌશલનો વિચાર વિવિધ શોકાંજલિ દ્વારા મેળવવો ઉચિત લેખાશે.

દીર્ઘવિરહોર્મિકાવ્ય અને સંબોધન કવિતાના સંદર્ભમાં શોકાંજલિની વિશેષતા એ છે કે મૃત્યુની ઘટના, ચિંતન, મંથન, વિષાદ, જેવાં કાવ્યાંશોના કેન્દ્રમાં જે વ્યક્તિવિશેષ છે તેના પાત્ર નિર્દેશનું મૂલ્ય અન્ય કાવ્યપ્રકારોની તુલનામાં અડધું છે ખૂબી એ છે કે પાત્રનિર્દેશ પરોક્ષરૂપે હોવાં છતાં પંક્તિએ પંક્તિએ તેનો સઘન સંદર્ભ અને વ્યાપક અસર વિકસે છે. એ રીતે શોકાંજલિમાં પાત્રનું સ્થાન અદકું છે. પાત્રલક્ષી કવિતા તરીકેની શોકાંજલિની સૌથી મોટી, પહેલી ઓળખ સ્વીકારીએ તો તેમાં કશું અઘટિત નથી. પાત્રનિર્દેશનું પણ કોઈ વિશેષ રૂપ આપણને શોકાંજલિમાં પ્રાપ્ત થઈ શકે. કોઈ અજાણ્યા માણસના રૂપનું, સ્વભાવનું, વ્યક્તિત્વનું કે પ્રભાવનું વર્ણન કે શબ્દચિત્ર શોકાંજલિમાં ન હોય પણ જે વ્યક્તિવિશેષનો ઉલ્લેખ શોકાંજલિમાં હોય તેની સાથે કવિચિત્તના વ્યાપારો સ્થાપિત થયેલાં હોય, ભાવતંતુ સંધાયેલો હોય, તેના મૃત્યુની કવિચિત્ત પર ઘેરી અસર હોય માટે જ એમ કહી શકાય કે શોકાંજલિ સામાન્ય માનવની અસામાન્ય પ્રતિભા ઉપસાવનારી કવિતા છે.' એમ કહીએ તો ખોટું નથી. તેનું મૃત્યુ કવિચિત્ત સાથે તેની જિંદગી, સ્મરણો અને સાહચર્યને જોડી દે છે. ભર્યાં ભર્યાં જીવનમાં વ્યાપેલો ખાલીપો લઈ મૃત્યુ જ્યારે ચોટ મારે ત્યારે કવિ શોકગ્રસ્ત બને અને પાત્રના સંદર્ભમાંથી કાવ્યદેહની રચના થાય કવિ તે વ્યક્તિવિશેષની અનુપસ્થિતિ દ્વારા જ ઉપસ્થિતિ રચવા માંડે એજ શોકાંજલિની પાત્રનિમર્ણિની ખૂબી છે. વ્યક્તિ સાથે તેના સંબંધો, પરિવાર, સ્વભાવ, સમાજ, દેશકાળ, મૂલ્યો, રીતિરિવાજો, વિનિમય, વ્યવહાર, વ્યક્તિત્વ, ધર્મ, પહેરવેશ, જીવન, કાર્ય – કેટલાં બધાં દ્વાર એક સામટાં ખૂલી જાય છે. આ બધા દ્વારથી કિરણો પ્રવેશી શોકાંજલિને શણગારે છે વ્યવહાર-જગત અને શોકાંજલિ દ્વારા સાહિત્યજગતમાં તે પાત્ર, બે જૂદા પ્રભાવ પાથરી જાય છે. એક માણસ તરીકે વિશ્વમાં, અને તેને આધારે કલા અને

સાહિત્યમાં આદર્શો, મૂલ્યોના સ્થાપક તરીકે કાવ્યતત્વની, કલામીમાંસાની, સાહિત્યમીમાંસાની, રસચર્વણાનું કોઈ સીમાચિન્હ બની જાય છે. પછી તે વ્યકિત મરી, સમષ્ટિના ભાવનનું નિમિત્ત બની જાય છે. આદર્શ પાત્રો આદર્શ સંબંધો, વિવિધ સંબંધોમાં આદર્શ મૂકી ઉમેરા માનવી તરીકેનો પરિચય કરાવી દે છે શોકાંજલિ એ રીતે ઉત્તમચરિત્રો, આદર્શોના લક્ષણોના અભ્યાસનું મહત્વનું માધ્યમ બની જાય છે. ઈશ્વર જગતમાં અદ્રશ્યરૂપે વિસ્તરે છે તેમ શોકાંજલિમાં તે ગહન, ગેબી રૂપે વિસ્તરેલો હોય છે. પાત્ર, પાત્રનિમાણ, પાત્રલેખન, પાત્રપરિચયની અનોખી તાસીરો શોકાંજલિ શોધી આપે તેમ છે.

વિવિધ શોકાંજલિના અભ્યાસ દરમિયાન, અનેક પ્રકારનાં કાવ્યો, કાવ્યસ્વરૂપો અને તેની શૈલીઓના પરિચયમાંથી, વિવિધ પ્રકારનાં તારણો વર્ગીકરણ અને વિભાજનની દિશા આમાંથી ઉઘડે તેમ છે. એમાંથી વિવિધ-કાવ્યપ્રકારો, કાવ્યસ્વરૂપો, આવાં અનેકવિધ પાસાંઓમાંથી શોકાંજલિના મહદંશે લક્ષણોની શોધથી કલાસ્વરૂપને સાંગોપાંગ વરેલી કૃતિઓ; અને એ કૃતિઓ દ્વારા જ શોકાંજલિના કલાસ્વરૂપને પણ પામવાનો માર્ગ મળે વર્ગીકૃત કાવ્યો અને કાવ્યોનું પ્રથક્કરણ આપણને શોકાંજલિનાં કલાસ્વરૂપના વિકાસની સ્પષ્ટતાનો સંદેશો આપતા હાથો તરફ દોરી જવામાં મદદરૂપ થાય. સ્વતંત્ર કાવ્યો અને આવાં વર્ગીકૃત કાવ્યોમાં થતાં શોકાંજલિના કલાસ્વરૂપનો વિકાસ, વિસ્તારની ગતિવિધિ, શકયતાઓ અને તફાવત ઉચ્ચવચતાના પ્રમાણ મળે તો કલાસ્વરૂપના વિચારની ચોકકસ ભૂમિકાનો ખ્યાલ બાંધી શકાય એકાધિક પ્રકારના વૈવિધ્યોના સમન્વયમાં વિકસતાં આ કાવ્યપ્રકારની ઐતિહાસિકતા અને સાહિત્યિક મૂલ્ય તપાસીએ તો તેના ક્ષિતીજોના વિસ્તારની સંભાવનાના પ્રયત્નોમાંથી એક નવા રૂપની આશા સેવી તેની ચિરંજીવીતાનો અંદાજ પણ મેળવી શકાય.

અહીં નોંધેલાં કાવ્યાંગોમાંથી જે અંગોનો કિંચિત પણ ફાળો હોય તે તમામ તત્વો શોકાંજલિના કલાસ્વરૂપ માટે ઉપયોગી બની શકે

કૃતિમાંથી કલાકૃતિની કક્ષા બક્ષવામાં આ તત્વોનો મહત્વનો ફાળો હોઇ શકે. અંજલિ શોકાંજલિ બંને અને ઉત્તમમાંથી સર્વોત્તમ શોકાંજલિ તરીકે તે સિધ્ધ થાય તે માટે કલાસ્વરૂપના લક્ષણો તરીકે આ તત્વોનું સ્થાન મહત્વનું છે. 'અભિવ્યકિતની કલા'નું મહત્વ શોકાંજલિમાં સ્વીકારતાં હોઇએ તો કવિ કરતાં કવિતાને પ્રાધાન્ય આપવું જોઇએ. કારણ કે અહીં કૃતિ પરથી કલાસ્વરૂપ વિચારીએ છીએ. કૃતિમાં પરંપરા અને મૌલિકતાના કયાં ધોરણો કયાં સુધી અપનાવી શકાય ? વિનિયોજન, રસનિષ્પત્તિ, શોક, કલાત્મકતા , આસ્વાદગુણ એમ કયાં કયાં તત્વોને શોકાંજલિના માપદંડો ગણી શકાય ? વિવિધ શોકાંજલિ પરથી જણાશે કે શોકાંજલિમાં વિષય કે પ્રસંગ કરતા આલેખન અને પ્રકારવૈવિધ્ય વધારે જણાય છે. પણ શોકાંજલિનો ત્રિમુખી ઉઠાવ કલાત્મક હોવો જોઇએ. શોક, કરુણ અને અંજલિ તેમાં કલાત્મક પાસાં તરીકે પૂરવાર થવાં જોઇએ. અભિવ્યકિત અને રચનાકૌશલ્યની દૃષ્ટિએ શોકાંજલિ જુદો કાવ્યપ્રકાર નહીં પણ વિશિષ્ટ રૂપ કે સરની કવિતા છે ઊર્મિના વિશાલ ફલક ઉપર શોકોર્મિ કંઇક કંઇ વિવિધ છટાઓ લઇ અભિવ્યકિત પામે છે તેની પુષ્પાંજલિ અંજલિને કેવી કલાત્મક બનાવે છે શોક કેવો ઘેરાય છે શોકાંજલિ કાવ્યપ્રકાર છે કે કાવ્યસ્વરૂપ એ વિચારના જવાબમાં મૃત્યુના પ્રસંગના આલેખનની વિવિધરંગી અભિવ્યકિતઓ અને તેમાં રચનાકૌશલની રજાવટ Art of Expression તરફ અંગુલીનિર્દેશ કરશે. આવાં રૂપો સર્વોત્તમ, માર્મિક, કલાત્મક રૂપ કંડારવામાં જે તત્વો પ્રક્રિયાઓ, રૂપકો, ટૅકનીક્સ, છંદ, શૈલી, ચમત્કૃતિઓનો વિનિયોજનનો વિવેક કવિકસબની કાબેલિયત જેવાં અનેક તત્વો સિધ્ધહસ્ત રીતે આલેખાયાં હોય, ભાવ, રસ અને અંજલિનો કલાત્મક સંગમ હોય અને પ્રાંતીય ભૂમી કક્ષા પર વિકસી સૌને વિશ્વભોગ્ય બને તેવી ક્ષમતા લાવે તેવી અનેક પ્રકારની સિધ્ધિઓ સાથે મળી શોકાંજલિના

kalpana's

કલા સ્વરૂપને આકાર આપી શકે. શોકની ભાવાભિવ્યક્તિ, ઉચિત ઉપક્રમ અને વિનિયોજન, કરૂણની ઉત્તમ રસનિષ્પત્તિ, લાઘવ જેવા અનેક લક્ષણો યોગ્યરૂપે કાવ્યમાં કસબ પાથરી જતા હોય ત્યારે આ બધાની સિદ્ધિઓને વરેલી શોકાંજલિ એક કલાસ્વરૂપ લેખે આમ સામ્ય-વૈષમ્ય ઓળખી એક કાવ્યકોટિ લેખે, એ કેવું ટકી શકે તેનો આ નમ્ર પ્રયાસ છે.

સંક્ષિપ્તમાં, શોકોર્મિકવિતા અથવા શોકાંજલિના કલા-સ્વરૂપનો વિચાર નિમ્નનિર્દિષ્ટ મુદ્દાઓને લક્ષમાં રાખી કર્યો છે.

૧. શોકાંજલિ એક ઊર્મિકવિતા તરીકે.
ઊર્મિકવિતાના વર્ગીકરણની લઘુવિરહોર્મિકવિતાના વર્ગની શોકોર્મિકવિતા તરીકે પરિચય.

૨. અન્ય અંજલિકાવ્યોમાં શોકાંજલિકાવ્યોની અંજલિની વિશેષતા.

૩. અન્ય ઊર્મિકવિતાઓના પ્રકારો અને અંજલિકાવ્યોમાં શોકાંજલિ-કવિતા.

૪. લક્ષણો, સ્વરૂપોની દૃષ્ટિએ, આસ્વાદની દૃષ્ટિએ શોકાંજલિમાં જોવા મળતી સમાનતાઓ અને નોખાપણું.

૫. શોકોર્મિકવિતામાં સ્વજનસંદર્ભ.

૬. શોકોર્મિકવિતાના મુખ્ય ઘટકો.

૭. શોકોર્મિકવિતામાં મૃત્યુનું આલેખન.

૮. શોકોર્મિકવિતામાં મંથન અને ચિંતન.

૯. શોકોર્મિકવિતામાં શોકની ભાવાભિવ્યક્તિ.

૧૦. કલા સ્વરૂપના સંદર્ભમાં શોકોર્મિકવિતામાં, શોકનું પ્રાધાન્ય અને અન્ય ભાવરમણા, અભિવ્યક્તિનું સ્થાન.

૧૧. શોકોર્મિકવિતામાં કરુણની રસનિષ્પત્તિ.

૧૨ શોકોર્મિકવિતામાં કરુણની રસસંક્રાંતિ.

૧૩. શોકોર્મિકવિતામાં કરુણનું સમાધાન અને શમન.

૧૪. શોકોર્મિકવિતામાં સંજ્ઞાનો અભિગમ.

૧૫. શોકોર્મિકવિતામાં અભિવ્યક્તિ અને રચનાકૌશલનું મૂલ્ય.

૧૬. શોકોર્મિકવિતામાં લાઘવ.

૧૭. શોકોર્મિકવિતામાં છંદકૌશલ, પ્રયોગો અને વૈવિધ્ય.

૧૮. શોકોર્મિકવિતામાં પાત્રનિર્માણની વિવિધ ઉપલબ્ધિઓ.

૧૯. અન્ય કાવ્યકારો અને કાવ્યસ્વરૂપો- શોકોર્મિકવિતાના સંદર્ભમાં

૨૦. સ્વરૂપવિષાયક ભાવિ સંભાવનાનો વિચાર.

૨૧. શોકોર્મિકવિતામાં પ્રાપ્ત થતી સિધ્ધિઓ.

૨૨. શોકોર્મિકવિતાના સંદર્ભમાં - 'કલાસ્વરૂપવિચાર'

P.T.O

પ્રકરણ- ૧.

સંદર્ભ ગ્રંથ - સૂચિ

સંદર્ભ	પુસ્તકનું નામ	પૃષ્ઠ નં.	લેખકનું નામ
૧.	૨.	૩.	૪.
૧.	ઊર્મિકવિતા	૬૧	ચંદ્રશંકર ભટ્ટ
૨.	ઊર્મિકવિતા	૫૨	ચંદ્રશંકર ભટ્ટ
૩.	ગુજરાતી ઊર્મિકાવ્યો	૧	જયંત પાઠક, રમણ પાઠક
૪.	અર્વાચીન કાવ્ય સાહિત્યના વહેણો	૧૮૬	રા. વિ. પાઠક એમ. વિન્ટરનીઝ
૫.		૧૦૬	એમ. વિન્ટરનીઝ
૬.		૧૫૬	વી. એન. સુકથંકર
૭.	ઊર્મિકવિતા	૨૯	ચંદ્રશંકર ભટ્ટ
૮.	અર્વાચીન કાવ્ય સાહિત્યના વહેણો	૧૮૬	રા. વિ. પાઠક
૯.	ગુજરાતી ઊર્મિકાવ્યો	૦૧	જયંત પાઠક, રમણ પાઠક
૧૦.	ઊર્મિકવિતા આવૃત્તિ-૧	૩૦	ચંદ્રશંકર ભટ્ટ
૧૧.	ઊર્મિકવિતા આવૃત્તિ- ૧	૩૫	ચંદ્રશંકર ભટ્ટ
૧૨.	ઊર્મિકવિતા આવૃત્તિ -૧	૬૯	ચંદ્રશંકર ભટ્ટ
૧૩.	ઊર્મિકવિતા આવૃત્તિ- ૧	૬૯	ચંદ્રશંકર ભટ્ટ
૧૪.	ઊર્મિકવિતા આવૃત્તિ - ૧	૭૪	ચંદ્રશંકર ભટ્ટ
૧૫.	ઊર્મિકવિતા આવૃત્તિ - ૧	૭૫	ચંદ્રશંકર ભટ્ટ
૧૬.	ગુજરાતી ઊર્મિકાવ્યો આવૃત્તિ-૧	૫૨	જયંત પાઠક, રમણ પાઠક

kalpana's

૧.	૨.	૩.	૪.
૧૭.	ઊર્મિકવિતા આવૃત્તિ-૧	૭૮	ચંદ્રશંકર ભટ્ટ
૧૮.	એનસાઇક્લોપીડિયા બ્રિટાનિકા		
૧૯.	ગુજરાતી ઊર્મિકાવ્ય?	૦૩	જયંત પાઠક, રમણ પાઠક
૨૦.	ઊર્મિકવિતા આવૃત્તિ-૧	૭૮	ચંદ્રશંકર ભટ્ટ
૨૧.	ગુજરાતી ઊર્મિકાવ્યો	૨/૩	જયંત પાઠક, રમણ પાઠક
૨૨.	ગુજરાતી ઊર્મિકાવ્યો	૦૮	જયંત પાઠક, રમણ પાઠક
૨૩.	લિરિક	૧૬૦/૧૬૧	બ.ક.ઠા.
૨૪.	લિરિક	૬૨	બ.ક.ઠા.
૨૫.	ગુજરાતી ઊર્મિકાવ્યો	૦૬	જયંત પાઠક, રમણ પાઠક
૨૬.		૬૪	બ.ક.ઠાકોર
૨૭.		૪૩	બ.ક.ઠાકોર
૨૮.		૪૩	ડ્રીંક વૉટર
૨૯.	ગુજરાતી ઊર્મિકાવ્યો	૫/૬	જયંત પાઠક, રમણ પાઠક
૩૦.		૦૬	જયંત પાઠક, રમણ પાઠક
૩૧.		૪૩/૪૪	બ.ક.ઠાકોર
૩૨.	ગુજરાતી કાવ્યપ્રકારો	૧૩૦	ડોલરરાય માંકડ
૩૩.		૩૩	ડ્રીંક વૉટર

kalpana's

૧.	૨.	૩.	૪.
૩૪.	ગુજરાતી ઊર્મિકાવ્યો	૦૭	જયંત પાઠક, રમણ પાઠક
૩૫.	ગુજરાતી ઊર્મિકાવ્યો	૦૬	જયંત પાઠક, રમણ પાઠક
૩૬.	ગુજરાતી ઊર્મિકાવ્યો	૦૬	જયંત પાઠક, રમણ પાઠક
૩૭.	ગુજરાતી ઊર્મિકાવ્યો	૧૮	જયંત પાઠક, રમણ પાઠક
૩૮.	ગુજરાતી ઊર્મિકાવ્યો	૩૦	જયંત પાઠક, રમણ પાઠક
૩૯.	ઊર્મિકવિતા	૯૬	ચંદ્રશંકર ભટ્ટ
૪૦.	ઊર્મિકવિતા	૯૬	ચંદ્રશંકર ભટ્ટ
૪૧.	ઊર્મિકવિતા	૯૭	ચંદ્રશંકર ભટ્ટ
૪૨.	ઊર્મિકવિતા	૯૫	ચંદ્રશંકર ભટ્ટ
૪૩.	ઊર્મિકવિતા	૯૫/૯૬	ચંદ્રશંકર ભટ્ટ
૪૪.	ઊર્મિકવિતા	૯૭	ચંદ્રશંકર ભટ્ટ
૪૫.	ગુજરાતી ઊર્મિકાવ્યો	૦૯	જયંત પાઠક, રમણ પાઠક
૪૬.	ગુજરાતી ઊર્મિકાવ્યો	૦૯	જયંત પાઠક, રમણ પાઠક
૪૭.	ઊર્મિ વિશ્વ	૧૦૧	ચંદ્રશંકર ભટ્ટ

૧.	૨.	૩.	૪.
૪૮.	ઊર્મિકવિતા	૧૦૫	ચંદ્રશંકર ભટ્ટ
૪૯.	ઊર્મિકવિતા	૧૦૫	ચંદ્રશંકર ભટ્ટ
૫૦.	શૈલી અને સ્વરૂપ		ઉમાશંકર જોશી
૫૧.	ઊર્મિકવિતા	૧૦૪	ચંદ્રશંકર ભટ્ટ
૫૨.	ગુજરાતી ઊર્મિકાવ્યો	૦૫	જયંત પાઠક, રમણ પાઠક
૫૩.	ગુજરાતી ઊર્મિકાવ્યો	૧૦	જયંત પાઠક, રમણ પાઠક
૫૪.	ફીલીંગ એન્ડ ફોર્મ	૨૮૬	સુઝેન કે લેંગર.
૫૫.	ઊર્મિકવિતા	૧૬૬	ચંદ્રશંકર ભટ્ટ

(P.T.O)